Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર


જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* ફેબ્રુઆરી ૨૦૨૧ * વર્ષ ૩૫ * અંક ૧૧



ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા હસ્તલિખિત આચાર સંહિતા - `શિક્ષાપત્રી` જયંતી અને
શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના શુદ્ધ સનાતન તાત્ત્વિક જ્ઞાનને સાકાર સ્વરૂપે પ્રવર્તાવનાર
**બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ** પ્રાગટ્યવસંતે કોટિ કોટિ સાષ્ટાંગ વંદન !





# ત્રણ ફેબ્રુઆરી ૧૯૫૨ : આધ્યાત્મિક ઉત્ક્રાંતિ દિન !





**વીસમી** સદીના વર્ષ ૧૯૫૨નો ફેબ્રુઆરી માસ મનુષ્યની અધ્યાત્મયાત્રા અને વિશેષતઃ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે એક અદ્વિતીય ઉત્ક્રાંતિનો માસ છે. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઇતિહાસમાં પણ આ માસની ત્રીજી તારીખનું સ્વર્ણિમ સ્થાન છે.

ભારતીય દર્શન અને સાધનાનાં મૂળ લક્ષ્ય સદ્-ચિદ્-આનંદની પ્રાપ્તિ – એટલે કે બ્રહ્મની પ્રાપ્તિ, કે અખંડ સાક્ષાત્કાર રહ્યાં છે. મનુષ્યની આધ્યાત્મિક યાત્રાનાં અંતિમ ધ્યેય પણ એક યા બીજા શબ્દોમાં આ જ પ્રાપ્તિની શોધમાં સાર્થકતા સમજાવે છે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કેન્દ્રવર્તી સિદ્ધાંત પણ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવામાં સદ્-ચિદ્-આનંદની અનુભૂતિનાં પ્રતિપાદન કરે છે. આ દિવ્ય અને પરમ અલૌકિક સ્થિતિની પ્રાપ્તિ માટે બ્રહ્મ અને પરબ્રહ્મ તત્ત્વના સાંગોપાંગ ધારક પ્રગટ સાકાર મનુષ્ય દેહધારી બ્રહ્મસ્વરૂપ સંતની પ્રાપ્તિ, ઓળખાણ, સ્વીકાર અને તેઓ પ્રતિ જીવન અને મનનાં સમર્પણ અનિવાર્ય છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના પહેલામાં ઉદ્‌બોધ્યા મુજબ 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી' તેનાથી અધિક કઠણ કોઈ સાધન નથી અને તેનાથી અધિક મોટી કોઈ પ્રાપ્તિ પણ નથી. આ સાધન અને પ્રાપ્તિ પછીથી દ્વિતીય ક્રમાંકે કોઈ અલભ્ય પ્રાપ્તિ હોય તો આ પૃથ્વી પર પ્રગટ એવા મનુષ્ય દેહધારી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ, ઓળખાણ અને સ્વીકાર છે!



ત્રીજી ફેબ્રુઆરી ૧૯૫૨માં અક્ષરતીર્થ ગોંડલ સ્થિત મંદિરમાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા અને સંકલ્પે દાદુકાકાશ્રીને જે સમાધિ લાધી અને તે દ્વારા પ્રભુના સાક્ષાત્કાર પામી જે દર્શન પ્રાપ્ત થયું તેના જ સુફલ રૂપે તેઓશ્રીએ છડેચોક બૃહદ સત્સંગસમાજને યોગીજી મહારાજ રૂપે વિચરતા ભગવાનના પ્રગટ અને સાકાર સ્વરૂપની ઓળખાણ કરાવી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને વિશ્વના અધ્યાત્મપંથી સર્વ મુમુક્ષુઓ માટે આ સાક્ષાત્કાર અને યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન એ એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિ હતી; અધ્યાત્મસાધનાનાં પરિમાણ બદલનારી એક મહાપ્રગતિ હતી!

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની કૃપાશિષથી દાદુકાકાશ્રીને જે સાક્ષાત્કાર થયો તેણે કાકાશ્રીના જીવનની પ્રત્યેક પળ યોગીમય યોગીરૂપ બનાવી; તેઓ સ્વયં પ્રભુના દિવ્ય તત્ત્વના ધારક સત્પુરુષ રૂપે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્યોતિર્ધર બની રહ્યા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં દાદુકાકાશ્રીના સાક્ષાત્કારની દિવ્ય ઘટના આધ્યાત્મિક મહાપ્રગતિની અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મર્માર્થની દ્યોતક હતી. એક ભલા સાધુરૂપે વંદનીય યોગીજી મહારાજ રૂપે પ્રભુનું સાકાર પ્રગટ સ્વરૂપ આ પૃથ્વી પર વિચરે છે, તે વિચાર અને દર્શનમાત્રે સંતો, સાધકો અને મુમુક્ષુઓની દૃષ્ટિ અને જીવનમાં દિવ્યતા પ્રગટી. વળી, યોગીજી મહારાજ રૂપે પ્રગટ ભગવાનના સ્વરૂપમાં નિર્દોષબુદ્ધિએ જીવન અને મન સમર્પણ કરનારા સૌ પ્રભુસ્વરૂપ થયા, જંગમ મંદિર બની રહ્યા એ ઇતિહાસને આપણી પેઢીએ રચાતો જોયો, માણ્યો છે તે આપણાં મહા મંગલકારી સદ્‌ભાગ્ય છે!

આજે સાહેબજી રૂપે પ્રગટ સંત સ્વયં ભગવંત સ્વરૂપ છે અને એવા જ સર્વ ગુણાતીત સંતો પ્રભુસ્વરૂપો છે તેવા માહાત્મ્યમાં આબાલ-વૃદ્ધ સત્સંગ-સાધુ સમાજ સહજ જીવે છે તેના પાયામાં બ્રહ્મસ્વરૂપ દાદુકાકાશ્રીએ યોગીજી મહારાજના સંકલ્પ અને કૃપાશિષ દ્વારા આણેલી આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું દ્યોતક દર્શન છે; એ દર્શનના જયઘોષ કરતી કાકાશ્રીની સમ્યક્ નિર્દોષબુદ્ધિએ યુક્ત અપ્રતિમ તપસ્યા છે. એ અદ્વિતીય તપસ્યાના તપોબળથી ખીલેલા સંતો, વ્રતધારી સંત બહેનો, વ્રતધારી સંત યુવાઓ અને એકાંતિક ગૃહસ્થોના ગુણાતીત સમાજનાં આપણે સૌ સંતાનો-વારસદારો બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાજી મહારાજના અનંતકાળ પર્યંત ઋણી રહીશું.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ઇતિહાસના યથાર્થ અને સંપૂર્ણ આલેખ થશે ત્યારે બ્રહ્મસ્વરૂપ કાકાશ્રીની દિવ્ય જીવનદૃષ્ટિ અને અધ્યાત્મકાર્યને આલેખતા ઇતિહાસ સ્વયં પણ ગદ્‌ગદભાવે નતમસ્તક થશે!

આ ક્ષણે આવો, આપણે ગુરુદેવ યોગીજી મહારાજ અને કાકાશ્રીના ચરણે નત મસ્તકે ધન્યભાવે સાષ્ટાંગ પ્રણામ ધરીએ! ◆

~ **સાધુ મનોજદાસ**





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨ : 'બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું'ના નિરૂપણ પૂર્વે આશીર્વચન, ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

(ગતાંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું. જે સરદાર સાહેબના બાપુજીએ શાસ્ત્રીજી મહારાજને પહેલી રાતે પોતાને ઘરે બોલાવ્યા હતા, તે સરદારસાહેબ (વલ્લભભાઈ)ને ત્યારે શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપ્યા હતા કે, 'આ તો દિલ્હીનો બાદશાહ થશે.' એ સરદારસાહેબે શાસ્ત્રીજી મહારાજનું કામ કર્યું. સરદારસાહેબે રજવાડાં એકત્રીકરણ કરવાનું કામ શરૂ કર્યું એમાં પહેલાંમાં પહેલું કોઈ રજવાડું લીધું હોય તો એ ભાવનગરનરેશનું. સ્વતંત્ર ભારતનાં બધાં રજવાડાં ભેગાં થઈ ગયાં અને એના જિલ્લા પડ્યા. એમાં ભાવનગર જિલ્લામાં ગઢડા ટાઉન તરીકે સામેલ થયું. એ ભાવનગર જિલ્લાના કલેક્ટર તરીકે એકદમ યુવાન એવા ચૂડાસમાસાહેબ નિમાયા. તેઓ શાસ્ત્રીજી મહારાજના અનન્ય ભક્ત હતા. એમને ખબર હતી કે, સ્વામી ગઢડાની જમીન માટે બહુ પાછળ પડ્યા છે. એટલે ચૂડાસમાસાહેબ શાસ્ત્રીજી મહારાજ પાસે નકશા લઈને ગયા ને કહ્યું, 'સ્વામી, તમે જગ્યા નક્કી કરો, તમે જેટલી જગ્યા નક્કી કરો એટલી જગ્યા અપાવવી છે.' કલેક્ટરને બધો જ પાવર હોય. ગઢડાની અત્યારની છે એ જગ્યા ઉપર શાસ્ત્રીજી મહારાજે નકશામાં કુંડાળું કર્યું ને એ જગ્યા ચૂડાસમાસાહેબે બે-ચાર મહિનામાં 'બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા'ને નામે અપાવી દીધી. ત્યાં ગઢડામાં શાસ્ત્રીજી મહારાજે છેલ્લું મંદિર કર્યું.

તમે જુઓ, આપણે બધા મોટા પુરુષોને ભગવાનનું સ્વરૂપ કહીએ છીએ. ગુણાતીત ભાવને પામેલા સાધુનું જીવંત દર્શન કરાવ્યું ગુણાતીતાનંદ સ્વામીએ. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ બહુ વહાલું. ચાલીસ વરસ ત્યાં જૂનાગઢ રહ્યા. બધાને જૂનાગઢ લઈ જાય, બધાને જૂનાગઢ બોલાવે. પણ એમણે દેહ ગોંડલમાં છોડ્યો. સામાન્ય સાધુ હોય તો પોતાનું વહાલું જે સ્થાન હોય ત્યાં જ દેહ છોડવાનું પસંદ કરે, પણ આ સામાન્ય સાધુ નહોતા. મહારાજ સિવાય કશા સાથે બંધાયા નહોતા. પણ મારે આ કામ કરવું છું, આ મને બહુ ગમે છે એવું એક મમત્વ તેઓ ઊભું કરે અને આપણને એમના માટે પ્રેમ છે એટલે એમના એ કામમાં આપણે પણ સમર્પિત થઈએ. જૂનાગઢને ડૅવલપ કરવા માટે જે ભક્તો સમર્પિત થયા એ ભક્તો ઉપર ગુણાતીતની કૃપા વરસી તો તેઓ સુખિયા થઈ ગયા. બાકી ગુણાતીત કંઈ સ્થાન સાથે નહોતા બંધાયા, ભગવાન સાથે બંધાયા હતા. સ્થાનને નિમિત્ત બનાવી તેઓએ આપણને ભગવાન સાથે જોડ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ દેહ છોડ્યો ગોંડલ જઈને. એ સમાધિસ્થાને અક્ષર મંદિર છે.

શાસ્ત્રીજી મહારાજને ગઢડા બહુ વહાલું. આખી જિંદગી શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'ગઢડામાં આરસનું મંદિર કરવું છે.' ત્યારે બોચાસણ સંસ્થાનું કોઈ મંદિર આરસનું હતું નહીં. આરસનું મંદિર કરવા માટે ખર્ચ બહુ થાય. અત્યારે આટલા હરિભક્તો છે પણ ત્યારે બૅપ્સ સંસ્થામાં એટલા હરિભક્તો પણ નહોતા. મણિકાકાએ મને વાત કરી હતી તે વાત મેં કરી હતી. પૈસાની એટલી બધી ખેંચ કે, બોચાસણનું મંદિર અધૂરું ને સારંગપુરનું મંદિર બનાવવાનું ચાલુ કર્યું. સારંગપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ પણ મંદિરનું કામ અધૂરું ને ગોંડલ મંદિરનું કામ ઉપાડ્યું. ગોંડલ મંદિરનું કામ થયું-ના થયું ને મૂર્તિપ્રતિષ્ઠા થઈ, કામ અધૂરું ને અટલાદરા મંદિરનું કામ ઉપાડ્યું. અટલાદરા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ને ગઢડા મંદિરનું ઉપાડ્યું. ગઢડાનું મંદિર તો પછી આરસનું કર્યું. ગઢડાના મંદિર માટે આફ્રિકાવાળાને જવાબદારી સોંપી કે, આ મંદિર બનાવવા પૈસા તમારે આપવાના. ગઢડા મંદિર માટે શાસ્ત્રીજી મહારાજે ખૂબ દાખડો કર્યો. પોતે મકરાણા આરસ સિલેક્ટ કરવા જાય, ને ત્યાં રહેતા. ત્યાં આરસની ખાણ

રાખી અને આફ્રિકાથી જી. કે. સ્વામીને બોલાવી ખાણ ઉપર મૂક્યા. એટલું બધું ગઢડાનું મમત્વ બધાને બતાવ્યું એટલે બધાને એમ થાય કે, સ્વામીને ગઢડા મંદિરનું બહુ જ છે, એની પાછળ જ તેઓ પડ્યા છે.

ત્યારે શાસ્ત્રીજી મહારાજ સારંગપુર રહેતા. ૧૯૫૦, વૈશાખ સુદ દશમે ગઢડા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. આફ્રિકાથી, ઈંગ્લૅન્ડથી દેશ-પરદેશના બધા હરિભક્તો મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવવા ગઢડામાં આવી ગયા. ઘણા ભક્તો સારંગપુર રહેતા. શાસ્ત્રીજી મહારાજના અતિ પ્રિય ગઢડા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા એટલે આફ્રિકાનો મોટા ભાગનો બધો સમૂહ સપરિવાર આવ્યો - હજારો માણસો આવ્યાં.

વૈશાખ સુદ ચોથે શાસ્ત્રીજી મહારાજે બીમારી ગ્રહણ કરી. તેના આગલા થોડા દિવસ પહેલાં યોગીજી મહારાજને એમણે મુંબઈ નંદાજીને અને બીજાને આમંત્રણ આપવા માટે મોકલ્યા. ત્યારે નંદાજી મિનિસ્ટર હતા. ભારત સ્વતંત્ર થયું હતું, પણ હજુ પ્રજાસત્તાક નહોતું થયું. યોગીજી મહારાજ મુંબઈ હતા, બધો સમૂહ ગઢડામાં હતો અને પ્રમુખ સ્વામી ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારી કરતા હતા. શાસ્ત્રીજી મહારાજ થોડા સાજા થયા એટલે એમણે વ્યવસ્થા અને બધું જાણવા પ્રમુખ સ્વામીને બોલાવ્યા. ત્યારે પ્રમુખ સ્વામી કહે, 'સ્વામી ! બધું સરસ ચાલી રહ્યું છે અને મૂર્તિઓ આવી ગઈ છે.' એટલે શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'મારી તબિયત સારી છે એટલે કાલે ગઢડા આવીને મૂર્તિઓની પૂજા કરી જઉં. તમે એની તૈયારી કરો.' પ્રમુખ સ્વામી ગઢડા ગયા અને મૂર્તિઓ ખુલ્લી કરીને પધરાવી. શાસ્ત્રીજી મહારાજ વૈશાખ સુદ ચોથને આગલે દિવસે ગઢડા ગયા. મૂર્તિઓનો અભિષેક કરી, મૂર્તિઓનું પૂજન કરી શાસ્ત્રીજી મહારાજે આરતી ઉતારી. કોઈને કલ્પના જ નહીં કે, શાસ્ત્રીજી મહારાજ શું કરી રહ્યા છે ? પછી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'હવે હું સારંગપુર જઉં છું, આ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાની આરતી કરી દીધી, હવે બીજી બધી વિધિ યોગીજી મહારાજ કરશે.' એમ કહીને તેઓ સારંગપુર ગયા. સારંગપુર જઈને બીજે કે ત્રીજે દિવસે તેઓએ થોડા હરિભક્તો- મગનબાપા, વલ્લભભાઈ સાકરિયા, ત્યાગવલ્લભ સ્વામીના બાપુજી; આવા દશ-પંદર હરિભક્તોને કહ્યું કે, 'તમે રોકાવ.' બાકીના બીજા બધાને સારંગપુરથી તેઓએ ગઢડા રવાના કર્યા કે, 'જાવ, તમે પ્રતિષ્ઠાની સેવામાં પ્રમુખ સ્વામીને મદદ કરો.' એમ બધા સમૂહને તેઓએ ગઢડા મોકલી આપ્યો અને વૈશાખ સુદ ચોથના દિવસે શાસ્ત્રીજી મહારાજે દેહ છોડી દીધો. વૈશાખ સુદ દશમે મૂર્તિપ્રતિષ્ઠા હતી.

તમે વિચાર કરો ! સામાન્ય સાધુ હોય તોય મૃત્યુને પાછું ઠેલે કે, અમારે ત્યાં પ્રસંગ છે તો મારે જવું નથી. આપણાં કમળાબાને તમે જુઓ. તેઓ બ્રહ્મજ્યોતિ પર હતાં. ૧૫મી માર્ચે ધુળેટી હતી. એમને એક સંકલ્પ હતો કે, હું જ્યારે દેહ છોડું ત્યારે જશુ, હસુ, શાંતિભાઈ, અશ્વિનભાઈ - આ ચાર જણા હાજર હોવા જોઈએ અને ધુળેટી પહેલાં દેહ નથી છોડવો. મહારાજને કહે કે, ધુળેટીનો સમૈયો બગાડવો નથી. શાંતિભાઈ ૧૭મી માર્ચે ઈંગ્લૅન્ડ જવાના હતા, વચ્ચે એક જ દિવસ હતો ૧૬મી તારીખ. કમળાબા ૧૪મીએ એમની જાતે હૉસ્પિટલમાં દાખલ થઈ ગયાં. જ્યોતિબહેન, બિન્દુબા ને બધાં બહેનોને કહ્યું કે, 'મને હૉસ્પિટલ લઈ જાવ. હું બીમાર હોઈશ તો બધાંની દોડાદોડી મારા તરફ હશે.' એટલે તેઓ હૉસ્પિટલમાં ગયાં. આપણો ધુળેટીનો સમૈયો ૧૫મીએ ઉજવાયો. ૧૬મીએ સવારે પપ્પાજીનું અમદાવાદમાં બ્રેઈનટ્યૂમરનું ઑપરેશન હતું એટલે હું અને અશ્વિનભાઈ વહેલી સવારે અમદાવાદ સાલ હૉસ્પિટલમાં ગયા. પપ્પાજીને મળ્યા, ધૂન કરી, પછી અમે નીકળી ગયા. બા આણંદમાં વધારે બીમાર પડ્યાં. રસ્તામાં નડિયાદ આગળ કમળાબાનો ફૉન આવ્યો, મને કહે, 'ભાઈ, તું ક્યાં છે ?' મેં કહ્યું, 'હું હાઈવે ઉપર છું ને બ્રહ્મજ્યોતિ જઉં છું.' ત્યારે બા કહે, 'ના, બીજે કંઈ જઈશ નહીં અને સીધો હૉસ્પિટલ આવ.' હસુ ત્યાં હતો તે હસુ પાસે બાએ ફોન કરાવ્યો. મારે બા સાથે આવી વાત થઈ એટલે રમેશ લોથાર સમજી ગયો. એને બાની તબિયતની ખબર હતી એટલે એણે ૧૦૦-૧૨૫ કિ.મી.ની ઝડપે ગાડી દોડાવી ને થોડી મિનિટોમાં તો આણંદ પંકજભાઈની હૉસ્પિટલે લાવીને ઊભી રાખી. મારી સાથે અશ્વિનભાઈ હતા, હસુ ત્યાં જ હતો, શાંતિભાઈ પણ આવી ગયા. અમે

આપણે બંધાવું છે
એક ભગવાનમાં,
જીવન જીવવું છે
એક ભગવાનને અર્થે.





**ભગવાન રાજી ના થાય એવો વિચાર આવ્યો,
ભગવાન રાજી ના થાય એવું બોલાયું,
ભગવાન રાજી ના થાય એવું વર્તાયું.
ત્યારે મુઝાવું નહીં, અંતરમાં રહેલા પ્રભુ તરફ
દૃષ્ટિ કરીને એમને ગદ્‌ગદ કંઠે
પશ્ચાત્તાપ-પરિતાપ રૂપી પ્રાર્થના કરી લેવી.**

ચાર જણા બાના પલંગ આગળ ઊભા રહ્યા ને બાએ દેહ છોડી દીધો. જો એક દિવસ મોડો દેહ છોડ્યો હોત તો શાંતિભાઈ ઈંગ્લૅન્ડ હોત.

આમ, ભગવાનની નિષ્ઠાવાળા ભક્તો જો પોતાનું ઇચ્છિત મૃત્યુ કરી શકે છે તો આ તો શાસ્ત્રીજી મહારાજ ! જેમના પ્રતાપે આપણી ઇચ્છા પ્રમાણે મૃત્યુને પાછું ઠેલી શકીએ છીએ તો એવા ગુરુ પોતાનું મૃત્યુ પાછું ના ઠેલી શકે? તેઓ તો તાકાતવાળા-પ્રતાપી પુરુષ હતા. પણ તેઓએ બતાવ્યું કે, ગઢડા મંદિર મારા ભક્તોને, મારા આશ્રિતોને દેહભાવથી પર કરવા માટે, માયા પાર કરવા માટે નિમિત્ત હતું. એની સાથે હું બંધાયો નહોતો, હું મહારાજ સાથે બંધાયો હતો. અને મને-તમને-સર્વને મહારાજમાં જોડવા માટે ગઢડાને પોતે વહાલું બનાવીને નિમિત્ત બનાવ્યું હતું. તો વૈશાખ સુદ ચોથને દિવસે શાસ્ત્રીજી મહારાજે દેહ છોડ્યો. યોગીજી મહારાજને મુંબઈ ખબર આપી એટલે યોગીજી મહારાજ અને નંદાજી મુંબઈથી ચાર્ટર્ડ પ્લૅનમાં ભાવનગર ઊતર્યા ને સારંગપુર આવ્યા. બીજા જ દિવસે અગ્નિસંસ્કાર થઈ ગયો. ત્યાં અત્યારે સ્મૃતિમંદિર છે. સોપો પડી ગયો. કારણ કે, છ દિવસ પછી તો મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. બધાને એમ હતું કે, મૂર્તિપ્રતિષ્ઠા કેન્સલ રહેશે. ઘણા ભક્તોએ તો પોટલાં તૈયાર રાખ્યાં કે, ઘરે પાછું જવું પડશે. જૂના મંદિરવાળા કહે, 'જોયું ! ભગવાન રાજી નથી. આટલી બધી મુશ્કેલી આવી છતાં આ બંડિયાઓ સમજતા નથી.'

યોગીજી મહારાજ સાથે મીટિંગ થઈ. બધાને થયું, શું નિર્ણય લેવાય છે ? યોગીબાપા બોલ્યા, 'ભગવાનનું કામ છે, ગુરુએ આરંભેલું કામ છે, તે કદી અટકશે નહીં. મૂર્તિપ્રતિષ્ઠા દશમના દિવસે થશે, થશે ને થશે.' અને યોગીજી મહારાજે દશમીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી સોપો પાડી દીધો. આવું કોઈ ના કરી શકે. પોતાના વહાલસોયા ગુરુ - 'શાસ્ત્રીજી મહારાજ 'યોગી' કહે, તો મોઢામાં કોળિયો મૂકતો હોઉં તો નીચે મૂકી દઉં, લખતો હોઉં તો પેન મૂકી દઉં, બેઠો હોઉં તો ફટ ઊભો થઈ જઉં.' એવા પોતાના વહાલામાં વહાલા ગુરુશ્રી દેહ છોડે તો શિષ્ય કેટલો શોકમાં જતો રહે ! શિષ્યને તો શોક લાગેને! પણ, તેઓ દેહ સાથે જોડાયેલા નહોતા, પરમાત્મા સાથે જોડાયેલા હતા. શાસ્ત્રીજી મહારાજમાં રહેલા પરબ્રહ્મના તત્ત્વને રાજી કરવા એમનામાં જોડાયેલા હતા. એટલે ગુરુનું કાર્ય, ગુરુનો સંકલ્પ વહેતો રહે એ અમારું જીવનધ્યેય છે ! એટલે યોગીજી મહારાજે કહ્યું કે, 'શાસ્ત્રીજી મહારાજે જે તારીખ આપી છે, જે દિવસ આપ્યો છે એ દિવસે મૂર્તિપ્રતિષ્ઠા થશે, થશે ને થશે.' અને યોગીજી મહારાજે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરી.

એવું આ અમદાવાદ નરનારાયણ દેવની ગાદીનું મંદિર થયું. મહારાજ બતાવે છે કે, મંદિરો કરીએ, આશ્રમો, સ્કૂલો, કૉલેજો કરીએ, લાખો માણસોને સત્સંગી કરીએ; એ કોઈ સાત્ત્વિકભાવ નથી, એ કોઈ નિર્ગુણભાવ નથી, એ કોઈ અમારો રાગ નથી, એ અમારું ગમતું કાર્ય નથી - પ્રભુનું કાર્ય છે. પ્રભુને સમર્પિત થઈને, પ્રભુની પ્રસન્નતાર્થે થઈ રહ્યું છે એટલે એમાં જે જે સાથ આપે, જે જે જોડાય, જે જે ગુણ લે એ સૌ કાર્ય સાથે નહીં, ભગવાન સાથે જોડાશે- કાર્ય ખંખેરાઈ જશે. અને એ કેવી રીતે ખંખેરાય છે એ આ 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાન કહે છે. આ સરસ વચનામૃત છે.

નરનારાયણ દેવની ગાદીની મૂર્તિપ્રતિષ્ઠા થઈ. લાખો માણસો ભેગાં થયાં. મહારાજે પોતાનો પ્રભાવ, પોતાનું ઐશ્વર્ય, પોતાના ભગવાનપણાનું દર્શન કરાવ્યું. સૂબાને રવાના કરીને અંગ્રેજો આવ્યા. અંગ્રેજોએ સામેથી મહારાજને જમીન આપી ને એ જમીન પર પહેલાંમાં પહેલું સ્વામિનારાયણનું મંદિર નરનારાયણ દેવની ગાદીનું થયું. હજારો ને લાખો હરિભક્તો હતા, હજારો સાધુઓ હતા ને ખૂબ મોટો સમૈયો થયો અને ખૂબ બધી વાહવાહ ને બોલબાલા થઈ. ત્યારે મહારાજ એકદમ ઉદાસ થઈને નીકળી ગયા. જેતલપુર ગયા. જેતલપુરમાં રાત રહીને પછી ધોળકાની રાણોમાં રહ્યા. પછી એમણે વિચાર કર્યો કે, આ બધું ભગવાનની કૃપાથી, ભગવાનની ઇચ્છાથી ભગવાને જ કર્યું છે. એમ બધું જ્યારે ખંખેરી નાખ્યું કે, આપણે આમાં કાંઈ જ કર્યું નથી, બધું પ્રભુ જ કરી રહ્યા છે. આપણને સમજાવવા એ આવું કહે છે. આ બધું જે કાર્ય થાય છે, સત્સંગ થાય છે, મંદિરો થાય છે

ને આ બધાં જે કાર્યો થાય છે એ ભગવાનના સંકલ્પ અને ભગવાનની ઈચ્છાથી થાય છે. આપણને તો એમાં ભાગ લેવાનું મળ્યું, સેવા કરવાની મળી ! કોઈ લાખોની સેવા કરે, દેહની સેવા કરે, સોનાની સેવા કરે ; પણ આ ભગવાન કરાવે છે, આપણે શું કરવાના હતા ? મહારાજ કહે, એવા ભાવથી કરો તો કોઈ જગ્યાએ બંધાશો નહીં, બધી આસક્તિઓ છૂટતી જશે. આ મંદિરની પ્રવૃત્તિ, સત્સંગની પ્રવૃત્તિ, સત્સંગના વિકાસની પ્રવૃત્તિ, સેવાની પ્રવૃત્તિ; આ બધી પ્રવૃત્તિઓ કરાવીને એમને પોતાની વાહવાહ કરાવવી નહોતી. નહીં તો નરનારાયણ દેવની પ્રતિષ્ઠા વખતે આખા ભારતવર્ષમાં સોપો પડી ગયો હતો કે, ઓહોહો આવું અદ્ભુત કામ ! મહારાજ કહે, એનો અમને ભાર નથી. અમને તો ભગવાનના થઈને જીવન જીવતા સાધુ, ભગવાનને અર્થે સમર્પિત થયેલા ભક્તો સિવાય કાંઈ ભાર નથી. એ લોકો તરફ જ અમારી દષ્ટિ છે.

મને-તમને-સર્વને હઠ, માન, ઈર્ષ્યાના ભાવો, કામ-ક્રોધાદિક દોષ રહિત થઈ ગુણાતીતભાવને પમાડવા - એ સિવાય કોઈ હેતુ એમનો નથી. એ જ એમનું કાર્ય છે અને એ એક હેતુ પાર પાડવા માટે જ આપણી ટૅલેન્ટ વપરાય, ટૅલેન્ટ વાપરીને આપણે પ્રાપ્ત કરેલું આપણી પાસે છે તે બધું વપરાય ને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની ભૂમિકા જે આપણને ભક્તોમાં હળીમળીને કામ નથી કરવા દેતી એના બદલે હળમળી એકમના થઈ ભક્તિ કરતા થઈએ ને પ્રભુને ગમતા થઈએ એ જ એમને કરાવવું છે. અને એ કરવા માટે સ્વામિનારાયણ ભગવાને મંદિરોની, સંતોની, સેવાની પ્રવૃત્તિઓ ઊભી કરી. અને એ પ્રવૃત્તિમાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંકલ્પે કાકાજી, પપ્પાજીની કૃપાથી અશ્વિનભાઈ-શાંતિભાઈના સાંનિધ્યમાં અને એમના નેજા હેઠળ આપણે કરી રહ્યા છીએ. એટલે આપણે બંધાવું છે એક ભગવાનમાં, જીવન જીવવું છે એક ભગવાનને અર્થે. એટલે ભજન ગાયું કે, 'શીદને રહીએ કંગાલ રે સંતો, શીદને રહીએ કંગાલ...' ઉદાસીન ના થવું જોઈએ. મોટામાં મોટું સાધુની જો ખામી હોય તો એ કે તેને ઉદાસીનતા આવે. કોઈ દિવસ ઉદાસ ના થવાય. ના કામથી, ના ભક્તોથી, ના પ્રશ્નોથી.

ઘણા ઉદાસ થઈ જાય કે, આટલા બધા પ્રશ્નો ? પણ પ્રશ્નો કોણ લાવે છે ? ભગવાન લાવે છે. તો પ્રાર્થના કરોને, ઘમઘમાવીને માળા ફેરવોને ! ભગવાનની સામે બેસીને ધૂન કરોને ! મૂકનાર એ છે તો ટાળનાર પણ એ જ છે, તેમને ઉપાયભૂત કરો. સાધુઓએ તો ગમે એટલાં કામ હોય, પ્રશ્નો આવે પણ ભગવાનને ધૂન, ભજન, પ્રાર્થના કરીને ઉદાસીન નહીં રહેવાનું. એટલે કહું છું કે, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈના જીવનને તમે જુઓ ! તેઓ કોઈ દિવસ ઉદાસ થયા છે ? કોઈ દિવસ કામમાં કસર છોડી છે ? કોઈ દિવસ સૂઈ રહ્યા છે ? ગમે એટલા પ્રશ્નો આવ્યા તો કોઈ દિવસ ઢીલા પડીને એમ કહે છે કે, 'મારાથી આ કામ નહિ થાય !' ભગવાનના બળે જીવે એ સાધુ ! પોતાની હોશિયારીથી, પોતાના બળે, પોતાની આવડતથી, પોતાની સમજથી જીવનાર સાધુ એક દિવસ ઢીલો પડશે, પણ ભગવાનના બળે જીવનાર સાધુને અનંત પ્રશ્નો આવશે તોય એમાંથી પાર નીકળશે, ઢીલો નહીં પડે. એટલે સાધુઓએ તો ભગવાનના બળે જીવવાનું, ભગવાનના અર્થે જીવવાનું ને ભગવાનના થઈને જીવવાનું. એટલું જ રાખવાનું કે, મારે મારા માટે જીવવું નથી, મારે પ્રભુને રાજી કરવા માટે જીવવું છે. મારે મારા માટે નથી ખાવું, પ્રભુએ આપેલું આ દેહ સારું રહે, એનાથી સારામાં સારી સેવા થાય. આ દેહને સારું રાખવું એ પણ આપણી પરમ ભક્તિ છે ! એવું નહીં કે દેહને ગમે તેમ ફેંકીને, બગાડીને પાછા પાંચ જણને સેવામાં રોકીએ. આ દેહને સારું રાખવું છે-ભગવાનના અર્થે, અને આ દેહે કરીને ભગવાનનું સુખ લેવું છે. એટલે ખાવું છે, પણ ભગવાન રાજી થાય એટલે. જે પણ પ્રવૃત્તિ કરીએ એ ભગવાનને રાજી કરવા જ કરવી છે. ભગવાન રાજી ના થાય એવાં વિચાર-વાણી ને વર્તન થાય ત્યાં અંદર ખડિંગ થવું જોઈએ કે, આ ભગવાન રાજી ના થાય એવો વિચાર આવ્યો, ભગવાન રાજી ના થાય એવું બોલાયું, ભગવાન રાજી ના થાય એવું વર્તાયું. ત્યારે મુઝાવું નહીં, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... અંતરદષ્ટિ-અંતરમાં રહેલા પ્રભુ તરફ દષ્ટિ કરીને એમને ગદ્ગદ કંઠે પશ્ચાત્તાપ-પરિતાપ રૂપી પ્રાર્થના કરી

**પ્રભુએ મારો સ્વીકાર કર્યો, પ્રભુએ મને સેવા આપી,
પ્રભુએ મને સેવા કરવાનું બળ આપ્યું,
પ્રભુના થઈને જીવન જીવવાનો મને મોકો આપ્યો
તો આ બધું છે, એમને લઈને છે ;
એવા ભાવથી ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો તો
અક્ષરધામરૂપ થઈ જવાય.**





**એક પ્રભુ સિવાય,**
**પ્રભુના થઈને જીવન જીવવા સિવાય,**
**પ્રભુને રાખવા સિવાય અને**
**પ્રભુના ભક્તોની ભક્તિ કરવા સિવાય**
**જીવનમાં કશામાં મજા છે જ નહીં.**

લેવાની. એ સાધુનું જીવન છે, એ સાધુની સાધના છે. આવી સાધના સાધુએ કરવાની.

પ્રશ્નો ક્યારે આવશે ? રૂમમાં બેસી રહેશો તોય પ્રશ્નો આવશે. કોઈ કહે કે, બહુ પ્રવૃત્તિ કરવાથી કે અહીં જવાથી પ્રશ્નો આવે છે, તો ચાલો પિરામિડમાં જઈને ધ્યાન કરીએ. ત્યાં ચાર-પાંચ મચ્છરાં પેસી જશે તો ધ્યાન પણ નહીં કરવા દે. એટલે કોઈ એવી જગ્યા નથી કે જ્યાં પ્રશ્નો ના આવે. એક વખત ભગવાનની દૃષ્ટિ પડી ગઈ છે, અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા સંતોને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ ગઈ છે તો ડાહ્યા હોઈએ તો વહેલામાં વહેલી તકે એમના રૂપ થઈ જવું, પ્રશ્નોથી પાર નીકળી જવું.

તમે કૉલેજમાં દાખલ થયા ને પછી એમ વિચારો કે, આ ત્રણ ત્રણ મહિને પરીક્ષા ? ને પાછી બાર મહિનાની પરીક્ષા તો ઊભી. આટલી બધી પરીક્ષાઓ ? એમ કર્યા કરવાથી તો બે વરસ વધારે બગડશે ને વધારે પરીક્ષાઓ આવશે. પણ ભલા માણસ ત્રણ વરસમાં બધી પરીક્ષાઓ સડસડાટ પાસ કર તો પરીક્ષાથી પાર ! પછી પરીક્ષા છે ? દેહભાવ છે ત્યાં સુધી પ્રશ્નો છે. દેહભાવથી પર થયા એટલે નો પ્રૉબ્લેમ. ૨૦૦ માઈલ સુધી જ વજન છે, ડાયટિંગ કરવાનું છે. ૨૦૦ માઈલની ઉપર જાવ એટલે વૅઈટલેસ ! પણ ૨૦૦ માઈલની ઉપર જાવ એટલે ધમધમાવીને ધક્કો વાગે. એની ઝીક ઝીલવી પડે.

તો આપણે બધી પ્રવૃત્તિઓ એ ચાલે છે. પછી તે મંદિરની હોય, સત્સંગની હોય, રસોડાની હોય, કથાવાર્તાની હોય, કથા સાંભળવાની હોય, કથા કરવાની હોય, વાસણ અજવાળવાની હોય કે ટ્રાન્સપોર્ટેશનની, ઑફિસની કે કૉલેજની હોય; એની પાછળ ભગવાનનો ને સત્પુરુષનો હેતુ એક જ છે કે, આપણને દેહભાવથી પર કરવા છે. એટલે એમાં જે પણ પ્રશ્નો આવે, જે કંઈ પણ થાય તેમાં ભાવફેરમાં પડ્યા વગર, ટીકાટિપ્પણી કર્યા વગર, બીજા કોઈની ભૂલ જોયા વગર, ભગવાન સામે જોઈ ભજન-પ્રાર્થનાથી ચાલ્યા કરો-ચાલ્યા કરો તો બેડો પાર થઈ જાય. કશા સામું જોવાનું નહીં.

મહારાજ આ 'વચનામૃત'માં આ કહે છે કે, આપણે સાધના કરવા નીકળ્યા તો આપણને અનંત પ્રકારના પ્રશ્નો આવે, પણ ભગવાન સામું જોવાનું. ભગવાનને મારે પ્રાપ્ત કરવા છે, ભગવાનના થઈને જીવવું છે ને ભગવાનમય થવું છે તેમ જીવીએ તો એમાંથી પાસ થઈ જઈએ. પછી દેહભાવના કડાકા-ભડાકા થાય તેમાં પણ પાસ થઈએ અને છેલ્લું સ્ટેજ છે વાહવાહ થાય, માન-મોટપ મળે, બધા પૂજનારા મળે, માનનારા મળે, ગુણ ગાનારા મળે અને તમારી આજુબાજુ જેને અલૌકિક ભૂમિકા કહે છે એવી ભૂમિકામાં તમે ખાવ-પીઓ ને જલસા કરો. પણ એમાં ભગવાન ભુલાઈ જાય, પોતે જ ભગવાન થઈ જાય. એ સ્ટેજ બહુ ભયંકર છે. એના સામુંય નહીં જોવાનું.

'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોઽસ્મિ' આ બધું જે થઈ રહ્યું છે એ મારે લીધે નહિ, પ્રભુને લઈને આ બધું થયું છે. એમને લઈને આ સ્ટેજ પર હું આવ્યો છું. એમને લઈને મારું આ બધું છે. રાજાને લઈને હું રાણી છું, રાજાને ના પરણી હોત તો હું વાઘરણ જ હતી. એમ પ્રભુએ મારો સ્વીકાર કર્યો, પ્રભુએ મને સેવા આપી, પ્રભુએ મને સેવા કરવાનું બળ આપ્યું, પ્રભુના થઈને જીવન જીવવાનો મને મોકો આપ્યો તો આ બધું છે, એમને લઈને છે; એવા ભાવથી ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો તો અક્ષરધામરૂપ થઈ જવાય.

એ સ્ટેજ ઉપર મહારાજને આપણને લઈ જવા છે. એના માટે પ્રવૃત્તિ તો આપશે જ. કંઈક તો કરવું જ પડે. ડૉક્ટર પણ કહે કે, આ દવા આપું છું પણ થોડું ખાજો, નહીં તો દવાઓ ઊંધી પડશે. એમ ભગવાન કહે, મારે પ્રસન્નતા આપવી છે, પણ કંઈક સેવામાં દેહ વાપરો, આવડત-હોશિયારી વાપરો. તમે આવડત-હોશિયારી વાપરીને ધન-સોનું જે પ્રાપ્ત કર્યું એ ભગવાનને અર્થે સમર્પિત કરો. આ બધું કરો તો તેના ફળ સ્વરૂપે અક્ષરરૂપ થવાની મારી જે દવા છે, એ તમને કારગત થશે, જીવનમાં કામ કરશે.

તો સ્વામિનારાયણ ભગવાન આ 'વચનામૃત' મધ્ય-૨૨માં આપણને કહે છે કે, અમે નરનારાયણ દેવનું મંદિર કર્યું જ નહોતું.

મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો ઊજવ્યો જ નહોતો. લાખો માણસો ભેગાં થયાં જ નહોતાં. અમે તો પ્રભુના દાસ છીએ, સેવક છીએ, એ સિવાય કાંઈ છીએ નહીં. એવી ભૂમિકા પર આવ્યા ત્યારે મહારાજ કહે, મને શાંતિ થઈ. આપણને કહે છે કે, આપણે આવું જીવવાનું છે. લોકો બૂમ-બરાડા પાડશે. શરૂઆતમાં ગાળો ભાંડશે, ડરાવનારા હશે, પાછા વાહવાહ કરનારા હશે. પણ એ કાંઈ જોવાનું નહીં. એક પ્રભુ સિવાય, પ્રભુના થઈને જીવન જીવવા સિવાય, પ્રભુને રાખવા સિવાય અને પ્રભુના ભક્તોની ભક્તિ કરવા સિવાય જીવનમાં કશામાં મજા છે નહીં.

૭૮-૮૦ વર્ષની ઉંમરે અશ્વિનભાઈ, શાંતિભાઈને કેટલી બધી ભક્તિ ! બધા તેમને 'ગુરુ' કહે, પણ એ કશામાં એમની દૃષ્ટિ પડતી નથી. અલૌકિક ભૂમિકાથી પરની ભૂમિકામાં ગયેલા આ સાધુઓ છે, પણ આપણા ભેગા રહે છે એટલે તેમનો જેવો છે તેવો મહિમા સમજવાનો થોડો અઘરો પડે છે. એ મહિમા જો આપણે સમજીએ તો ભગવાન કહે, જીવનમાં કાંઈ કરવાનું નથી. જેવો છે તેવો મહિમા નથી સમજતા એ કસરને લીધે બધી પ્રવૃત્તિઓમાં આપણને જોડે છે. તો એ કસર ટાળવી છે. એમના મહિમાનો વિચાર કરવો, અહોહો આવા સાધુ મળ્યા ! આવા ભગવાન મળ્યા ! સ્વામિનારાયણ ભગવાન છેક છપૈયામાં પ્રગટ થઈને આપણા માટે આ ધરતી પર આવ્યા, આવ્યા એટલું જ નહીં, એવા ગુણાતીત સાધુ થકી પ્રગટ રહ્યા, અને એવા સાધુમાં આપણને જોડ્યા. આ કેટલી મોટી કૃપા આપણા માટે ભગવાને કરી છે ! હવે જો આપણે મૂર્ખામી કરીએ, એમનો મહિમા ના સમજીએ, એમને રાજી ના કરીએ, એ રાજી થાય એવું જીવન ના જીવીએ, આપણું ગમતું છોડી ના દઈએ તો આપણા જેવો મૂરખ કોઈ નહીં. જમવાનું આપ્યું, પાંચ પકવાન આપ્યાં, અનંત પ્રકારની રસોઈ આપી. સામે થાળી પિરસાઈ એની સોડમ આવે છે, પણ જમીએ નહીં તો આપણે મૂરખ કહેવાઈએને ! એટલે જમવાનું. એટલે એમના મહિમામાં તરબોળ રહીને ભક્તિ કર્યા જ કરો. ભગવાનને રાજી કરવાનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઈન્સ્ટ્રુમૅન્ટ જો આપણી પાસે હોય તો એ આ દેહ છે. કોઈ પ્રકારની કસર છોડ્યા વગર સો ટકા એમની સેવામાં આ સંતો દેહ વાપરે છે. કેવળ ભગવાન રાજી થાય એ જ એમની મૂર્તિ ! આ મનન-ચિંતવન એ જ એમની ભક્તિ છે ! નથી એમને ખાવાનું જોઈતું, નથી એમને માન જોઈતું, નથી કોઈ ચીજ-વસ્તુ-પદાર્થ જોઈતાં. જે ચીજ-વસ્તુ-પદાર્થ એમની પાસે છે એનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ કરે છે.

ભગતજી મહારાજને ભાવનગરના નરેશે કહ્યું કે, 'તું તારા ભગવાનના વાઘા સીવે છે એવા મારા વાઘા સીવ તો તું કહે એટલા રૂપિયા આપું.' ત્યારે ભગતજી મહારાજ કહે, 'રાજાસાહેબ ! મારા ઠાકોરજીની સેવાના હેતના ટેભા છે. તમારા પૈસાથી તમારા વાઘા માટે એવા હેતના ટેભા હું લાવી નહીં શકું.' આ મંદિરના કાર્યમાં સંતોના, ભક્તોના હેતના ટેભા છે એનાથી કામ થવાનું છે. આટલા બધા ભક્તો હેતથી, પ્રેમથી, ભગવાનને રાજી કરવા માટે સમર્પિત થઈને જે ભક્તિ કરે છે એની સુવાસ થવાની છે. એમાં આપણા પક્ષે ઉદાસ થયા વગર આપણને જે પણ કામ મળ્યું, જે પણ સેવા મળી, તેમાં નાની-મોટી સેવાનો કોઈ તફાવત નથી, પણ સેવા ભાવથી, હેતથી કરીએ. સ્વામિનારાયણ ભગવાન કન્સિડર એ કરે છે. અહોહોભાવે હેતથી તમે સેવા કરો તો કરોડ રૂપિયાનું દાન આપનાર ઉપર છે એટલી જ પ્રસન્નતા ભગવાનની એક રૂપિયાના દાન આપનાર ઉપર પણ ઊતરશે. એક ઈંટ નાખનાર ઉપર પણ ઊતરશે અને લાખો પથ્થર નાખનાર પર પણ ઊતરશે. પ્રેમથી સેવા કરનાર ઉપર ભગવાનની પ્રસન્નતા ઊતરે છે.

આપણે ભગવાનમાં બંધાવું છે. પણ ભગવાનમાં બંધાવા માટે ભગવાનના કાર્યને પોતાનું બનાવવું પડે. પોતાનું માનીને કરીએ તો ભગવાન સાથે વિશેષ બંધાતા જઈશું. મહારાજે આ 'વચનામૃત'માં એ સમજાવ્યું છે કે, કાર્ય કરવાનું, ઉદાસીન નહીં થવાનું. આપણે ઉદાસીન થઈએ એ ભગવાનને ના ગમે, એટલે ઉદાસીન નહીં થવાનું. આવો ભગવાનને રાજી કરવાનો સતત આલોચ રાખીને ભગવાનને માટે કાર્ય કરવાનું. એમાં આડે આવતી વસ્તુઓને ખંખેરવી એ આપણી સાધના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આપણે ભગવાનમાં બંધાવું છે.
પણ ભગવાનમાં બંધાવા માટે
ભગવાનના કાર્યને પોતાનું બનાવવું પડે.
પોતાનું માનીને કરીએ તો
ભગવાન સાથે વિશેષ બંધાતા જઈશું.







## હે શાસ્ત્રીજી મહારાજ !

ભગવાન સ્વામિનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ
પ્રગટ થયા ને અતિપ્રતાપ બતાવ્યો
પુણ્યશાળી આત્માઓએ સ્વીકાર કર્યો
તેઓશ્રીએ વચનામૃતને સંત મોક્ષનું દ્વાર બતાવ્યા
તે સંત ગુણાતીત... અનાદિ અક્ષરબ્રહ્મ
તેઓના સમાગમે શ્રીજી ઓળખાય ને કલ્યાણ થાય
તે અખંડ પ્રત્યક્ષ અને પ્રગટ સત્પુરુષ દ્વારા
તે સ્વીકાર કરવાનું અતિ કઠિન લાગ્યું
ગુણાતીત... ભગતજી... જાગા સ્વામીનો સ્વીકાર ન થયો
થોડા, જેઓએ સ્વીકાર્યા તે પામી ગયા
આપે અનુગ્રહ કર્યો ને ગુણાતીત ઓળખાવ્યા
તેવા ગુણાતીત સંત મોક્ષ કરે તે પ્રસ્થાપિત કર્યું
તેવા સંતના અનુગ્રહે જ શ્રીજી ઓળખાય
તેવા સંતની કૃપાએ 'સ્વ'નું દર્શન થાય
તેવા સંતના અનુગ્રહે સ્વ રહિત થવાય
તેવા સંતની કૃપાએ જ રોમ રોમ પ્રભુ બિરાજે
તેવા સંત બ્રહ્મરૂપ કરે... બ્રહ્મસ્વરૂપ ઘડે
આ જ્ઞાન આપે દિવ્ય આત્માઓમાં પ્રકાશિત કર્યું
તે જ્ઞાને જીવતા કર્યા, પ્રભુપરમને ધારતા કર્યા
ગુણાતીત અવસ્થાને પ્રગટ અને પ્રત્યક્ષ કરી સમજાવી
પુણ્યશાળી દિવ્ય આત્માઓ, એ સૌ જ્ઞાન જીવતા થયા
શ્રીજીનું પ્રાગટ્ય... ગુણાતીત સત્પુરુષમાં પ્રગટ
યોગીબાપા પ્રગટ હતા... કાકાશ્રીને સમાધિ કરાવી
કાકાશ્રીએ યોગી આજે પ્રગટ છે... શ્રીજી-સ્વામીનું સ્વરૂપ છે
તે સમજાવી શુદ્ધ ઉપાસના દૃઢ કરાવી
તે ઉપાસના શાશ્વત છે તેનો સ્વીકાર થયો
તે સૌનાં અંતર શુદ્ધ થયાં... તેજોમય થયાં
પરમ જ્ઞાનનો સાક્ષાત્કાર થયો સહજાનંદી થયાં.
હે દયાળુ !
આપનો અનુગ્રહ કૃપા-ગુણાતીતનો સંબંધ શાશ્વત
યોગીબાપામાં અમને મનાયો ને સ્થિર થયો
સાહેબજીમાં પૂર્ણપણે સ્વીકારાયો... મનાયો...
તેવા સૌએ સાહેબજીમાં સમર્પણ ધર્યાં તે સુખી થયા
હવે સાહેબજીમાં સંપૂર્ણ ઓગળી જવું છે. રોમરોમ પધરાવવા છે
તે કરીએ... તો આપ રાજી... યોગીબાપા રાજી રાજી ને રાજી
તે કરવા સદા આપના ચરણે અમારી માગણી છે... સ્વીકારો દયાળુ !

સાધુ શાન્તિદાસના
જયસ્વામિનારાયણ.

*શાસ્ત્રીજી મહારાજ જયંતી,*
*વસંત પંચમી નિમિત્તે, ૧૨.૨.૨૦૨૧*



# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા





# અનુપમની હે અમૃતધારા...!




~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'યોગી ગીતા' મર્મ, શ્રી યોગી ગીતા પારાયણ, ૨૮ એપ્રિલ ૨૦૧૮, ખારઘર, નવી મુંબઈ

(ગતાંકથી ચાલુ... આ અંકે પૂર્ણ.)

**ભક્તોની** પોતપોતાની કક્ષા હોય છે. એ કક્ષા પ્રમાણે સદ્‌ગુરુનાં દર્શન, સ્પર્શન, પ્રસાદી અને વાતુંના માધ્યમથી એમનું સુખ ભોગવે છે. એને વાગોળે છે, એની સ્મૃતિ કરે છે અને એના આનંદમાં પોતાનું જીવન વ્યતીત કરે છે; એ ભક્તોને પણ ધન્ય છે ! અને એમાંથી જે ભાવ ઊઠે છે એ ભાવ છે કીર્તન-ભક્તિનો ભાવ ! અંદરથી શબ્દો સ્ફૂરે છે. કારણ કે, પેલું દર્શન, સ્પર્શન, પ્રસાદી ને વાતોનું જે સુખ લીધું છે, એને વાગોળ્યું છે; એટલે એને એમ થાય કે, આને બીજાને કેવી રીતે વર્ણવું ? બીજાને કેવી રીતે હું કહું ? કયા શબ્દોમાં કહું ? અને એ શબ્દો જ્યારે પ્રગટે છે ત્યારે ભજન બને છે. ભગવાનની ભક્તિનો ભાવ જ્યારે ઊમટે છે ત્યારે એને આપણે ભજન કહીએ છીએ, કીર્તન કહીએ છીએ - કીર્તન-ભક્તિ ! ભગવાનની કીર્તિ, ભગવાનનો ભાવ, ભગવાનની વાહ વાહ ! અહોહો ધન્ય ધન્ય ! હું ધન્ય થયો ! તે ભાવ પણ બતાવવામાં આવે છે. ભગવાને કેવાં કેવાં વસ્ત્ર-અલંકાર ધારણ કર્યાં છે, એનાં વર્ણન કરતાં પણ કીર્તનો છે. એને જોઈને ભક્તોને કેવો ભાવ થાય છે ? એનાં પણ કીર્તનો બન્યાં છે. મને કેવો ભાવ થાય છે ? એનાં પણ કીર્તનો બન્યાં છે. હું શું માગું છું ? એમની આગળ શું યાચું છું ? એનાં પણ કીર્તનો બન્યાં છે. અસંખ્ય ભાવ ! જેવો ભક્ત અને જેવો એનો ભગવાનને વિશે, શ્રી ઠાકોરજીને વિશે ભાવ ! એમના માટેની જે કંઈ પણ એની પાસે સામગ્રી હોય તે અર્પણ કરવાનો જે ભાવ થાય એ બધું જ કીર્તન-ભક્તિના માધ્યમ દ્વારા ભક્તિમાર્ગમાં પ્રગટ થાય છે. 'કીર્તનમ્' એક ભક્તિ છે.

'કલૌ કીર્તનાત્' એવું યોગીબાપાએ પણ કહ્યું છે. આ પુસ્તિકામાં 'યોગીબાપાની હૃદયની વાતો' આવશે ત્યારે એમાં એક સૂત્ર આવશે કે, *'મને કીર્તનભક્તિ બહુ ગમે.'* અને *'કોઈ કીર્તન ગાય તો હું બહુ રાજી થઉં.'* રાજી થવા જેવી જ આ બાબત છે. એટલે તેઓએ કહ્યું કે, બધા માણસો પોતાની વાતો કરે પણ, જો કોઈ ભગવાનની વાત કરે તો હું બહુ રાજી થઉં. નરસિંહ મહેતાએ તો ત્યાં સુધી વર્ણન કર્યું કે, ભગવાન એમ કહે છે કે, 'જો કોઈ વૈષ્ણવ બેઠો બેઠો ગાતો હોય, ગાતો હોય એટલે કે કીર્તન કરતો હોય તો એને સાંભળવા માટે હું ઊભો થઈ જાઉં. અને જો કોઈ ભગત ઊભો થઈને ગાવા માંડે તો તો હું નાચવા જ માંડું.' નરસિંહ મહેતાએ ૫૦૦ વર્ષ પહેલાં પોતાનો આ ભક્તિનો ભાવ પ્રગટ કર્યો છે. 'પ્રાણ થકી મુને વૈષ્ણવ વા'લા, રાતદિવસ હૃદે ભાવું રે...' જે વૈષ્ણવો છે, એ મને મારા પ્રાણ થકી પણ અધિક વહાલા છે અને એમનું સ્થાન મારા હૃદયમાં રાત-દિવસ છે. ખરેખર તો આપણે માગવાનું હોય કે, તમારું સ્થાન અમારા હૃદયમાં રાત-દિવસ રહે, એવી અમારી જીવનચર્યા બને. સવારથી સાંજ સુધી ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, પહેરતાં-ઓઢતાં, બોલતાં-ચાલતાં સતત ભગવદ્ સ્મૃતિ, ભગવદ્ સ્મરણ થતું રહે; એ ભગવાનને સતત હૃદિયામાં ધારણ કર્યા કહેવાય !

યોગીબાપા એમ કહે છે કે, *આ જે કલમો લખી છે તો તેમનું યથાર્થ પાલન કરવું તો જ સ્વામી-શ્રીજી તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થશે. તમને સ્વામી પોતાની સમીપે બેસાડશે. પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનાં વચન જીવમાં ધારવાં.*

વચન એમનાં છે, અને પોતાના ગુરુના નામે ચઢાવી દે છે ! આ જે પત્રપ્રસાદી છે, જે વાણી છે, એ એમણે લખી છે; પણ ગુણાતીત સંતનું લક્ષણ છે-'હું'પણાનો ભાવ જ નથી. પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી

મહારાજની સાથે એકરૂપ થઈ ગયા છે. 'જ્યારે મેં આ લખ્યું હશે ત્યારે પણ શાસ્ત્રીજી મહારાજે મારી પાસે લખાવડાવ્યું હશે એટલે આ મારું લખેલું નથી, મારા ગુરુનું લખેલું છે.' એવો દાસપણાનો તેમનો ભાવ છે. આપણે દાસ થવાનું અત્યારે જે શિક્ષણ લઈ રહ્યા છીએ તે માટે કેટલી ઊંચી દાસભક્તિ અહીંયાં ગુરુદેવ યોગીજી મહારાજે પ્રગટ કરી છે ! એવું નહીં કે, પોતાનું નામ ના દેવાય એટલે શાસ્ત્રીજી મહારાજનું નામ દીધું. પણ એમણે શું લખ્યું ? – *'પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનાં વચન જીવમાં ધારવાં.'* અને પછી લખ્યું કે, *'તો જ અખંડ શાંતિ ને સુખ રહેશે.'* એક એક શબ્દ વજન કરી કરીને, તોલી તોલીને જાણે કે યોગીબાપાએ લખ્યો હોય ! ટૂંકાટચ આશીર્વાદ છે, પણ હું જેમ જેમ વાંચતો જઉં છું તેમ તેમ એના ભાવ પ્રગટ થતા જાય છે.

'અખંડ' એટલે ખંડિત ના થાય એવું. આપણી સ્થિતિ એવી છે કે, ઘડીકમાં રાજી ને ઘડીકમાં વિક્ષેપ. અખંડ અલમસ્તાઈ, આનંદ; એ એક એવી ઊંચી ભૂમિકા છે કે, એમાં આપણે કદાચ ના જીવી શકીએ, નથી જીવી શકાતું કારણ કે, જીવન-વ્યવહારની એટલી બધી વાસ્તવિકતાઓ આપણી નજર સમક્ષ પડી છે કે આનંદ રાખવો હોય તોય નથી રહી શકતો. ત્યારે એ રાખવા માટેનો સહેલો ઉપાય – જે અખંડ આનંદમાં રહે છે અને રહેવા ટેવાઈ ગયા છે અને જે સ્થિતિ એમને માટે સહજ થઈ ગઈ છે – એમની જોડે જોડાઈ જાવ તો તમે પણ અખંડ આનંદમાં રહેતા થઈ જશો.

બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ પાસેથી એક શબ્દ સાંભળેલો – 'પરમૅનન્ટ કન્ડક્ટિવિટી.' પછી તેઓ દાખલો આપતા. એક મોટું મૅગ્નેટ હોય, એ મૅગ્નેટમાં જે પાવર હોય એ પાવર સાથે એક નાની સરખી ટાંકણી પણ જો થોડા કલાકો, થોડા દિવસો સતત ચોંટેલી, વળગેલી રહે તો મૅગ્નેટનો તો ગુણ છે, સ્વભાવ છે કે તેને ખેંચી રાખે. પછી એમાંથી છૂટી પડે તો ટાંકણી પણ એટલી બધી જોરદાર થઈ ગઈ હોય કે, બીજી ટાંકણીને અડે તો તેને પણ અદ્ધર કરે. આપણે એ વાતને સમજીએ કે, એ ચાર્જ થઈ જાય, મૅગ્નેટાઇઝ થઈ જાય. એનામાં પણ આકર્ષણ શક્તિ આવી જાય. કારણ કે, ભેગી રહીને ! એમ અમે બધા સાહેબદાદાની ભેગા રહીએ ને એટલે ટાંકણીઓ તો અમે ઊંચી કરી દઈએ.

દાદુકાકા ત્યારે મુંબઈ અને ઇંગ્લૅન્ડ જઈને ભણીને આવેલા એટલે જ્યારે આ અંગ્રેજી શબ્દપ્રયોગ – 'પરમૅનન્ટ કન્ડક્ટિવિટી' કરે ત્યારે એમ થાય કે, આ 'પરમૅનન્ટ કન્ડક્ટિવિટી' શું છે ? પણ, અખંડ આનંદની સહજ અવસ્થામાં જે રહેતા હોય એની સાથે તમે પણ જો સતત જોડાયેલા રહો તો એ આનંદની અનુભૂતિનો સ્પર્શ તમને પણ અનુભવાય. એનાથી વિખૂટા પડીએ, નોખા પડીએ એટલે જેમ પાવર હોય ત્યાં સુધી જ ટાંકણી ઊંચકાય એમ પછી પોતેય ઊભા ના થવાય ને બીજાને પણ ઊભા ના કરાય એટલા બધા મોળા પડી જવાય. પણ એવા પાવરમાં રહેવા માટેનું બહુ સુંદર સાધન છે – માહાત્મ્ય ! પ્રભુનું માહાત્મ્ય ! પ્રભુને ધારીને રહ્યા છે એવા મારા ગુરુનું માહાત્મ્ય ! એમના દીક્ષિત જે સંતો છે એ સંતોનું માહાત્મ્ય ! અને એમના આશ્રિત જે ભક્તો છે તે ભક્તોનું માહાત્મ્ય ! યોગીબાપાની ઊંચી કક્ષાએ પહોંચતાં પહેલાં – આછો-પાતળો પણ સંબંધવાળો હોય એના માહાત્મ્ય સુધી પહોંચતાં પહેલાં આટલાં માહાત્મ્યનાં પગથિયાં આપણે ચઢીએ તોય ઘણું છે. અને તો પછી પેલા માહાત્મ્યમાં આગળ વધાય.

યોગીબાપાની સવારથી સાંજ સુધીની જીવનચર્યા જોઈ છે. મને યોગીબાપાને સ્નાન કરાવવાનો મોકો ઘણી વખત મળ્યો છે. યોગીબાપાને સ્નાન કરાવે ત્યારે યોગીબાપા એક કળશ્યો એટલે કે લોટો રાખતા. એમના માટે સેવકો ઠંડું-ગરમ નવશેકું પાણી તૈયાર કરે. પછી પાટલા ઉપર બેસીને યોગીબાપા સ્નાન કરે. લોટો પોતાના શરીર પર ઢોળે અને સાથે સાથે બોલતા જાય, 'હે મહારાજ ન્હાવ !', 'હે સ્વામી ન્હાવ !', 'હે શાસ્ત્રીજી મહારાજ ન્હાવ !' પોતાના શરીર ઉપર પાણી ઢોળે છે, પણ એમને એમના શરીરનો ભાવ નથી. એમને ભાવ છે મારામાં રહેલા, હું જેમને ધારીને રહ્યો છું એવા મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને બંનેનું સ્વરૂપ એવું મારા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ– એમને હું સ્નાન કરાવી રહ્યો છું એટલે 'હું'પણાનો ભાવ રહ્યો નહીં; દાસત્વપણાનો ભાવ ! એટલે અહીંયાં યોગીબાપાએ અધિકારપૂર્વક એમ લખ્યું છે કે, *'પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજનાં વચન જીવમાં ધારવાં.'* એટલે લખનારો, લખાવનારો, લખવાની બુદ્ધિનો પ્રેરનારો કોણ છે ? મારા ગુરુ છે, મારા પ્રભુ છે.

આજે શનિવાર. સવારે શ્રી હનુમાનદાદાને યાદ કર્યા હતા. દાસત્વભક્તિનું ઉત્તમ સ્વરૂપ ! રામનાં કામ કરવા માટે સદા તત્પર – 'રામ કાજ કરિબે કો આતુર'. 'આતુર' – તત્પરતા ! ભગવાન શ્રી રામચંદ્રજીના મહિમા અને ગુણગાનની કાંઈ પણ સેવા-ભક્તિ કરવાની હોય તો 'રામ કાજ કરિબે કો આતુર.' પ્રભુનું કાર્ય કરવા માટે સદાય તત્પર ! અને કાર્ય કેવી રીતે કરવાનું ? તો, પ્રભુનું કાર્ય, પ્રભુની રીતે, કેવળ અને કેવળ પ્રભુને જ રાજી કરવાના ભાવથી કરવું ; એમાં ઉચ્ચ કક્ષાનો દાસત્વભાવ આવે છે. એવો દાસત્વભાવ હોય, દાસ હોય, સેવક હોય, શરણાગત હોય, રાંક હોય, સરળ હોય તો એને શાંતિ જ છે.

આપણે વિચાર કરજો, આપણને અશાંતિ ક્યારે થાય છે ? આપણને ઉદ્વેગ ક્યારે થાય છે ? આપણે આપણી પોતાની જાતની તપાસ કરીએ.

બહુ સરસ મજાનો આ ઍરકન્ડિશન્ડ હૉલ, શ્રી ઠાકોરજીનું સાંનિધ્ય, ભગવદ્ વાણીનું સ્મરણ; એટલે આપણને આનંદ જ છે, શાંતિ જ છે. પણ ક્યારે ઉદ્વેગ થાય છે ? ક્યારે ઉચાટ થાય છે ? ક્યારે અસુખ વર્તાય છે ? તો આપણે આપણી જાતને તપાસીએ તો ખબર પડે. અખંડ શાંતિ અને સુખ એ ખરેખર તો સાચી ભક્તિ કર્યાનું પરિણામ છે. તમે જો સાચી ભક્તિ કરતા હોવ તો એની ફલશ્રુતિ શી છે ? અખંડ શાંતિ અને સુખ રહે. ચીજ-વસ્તુઓના સીમિત સુખની અહીંયાં વાત નથી. પણ પેલો ઉચાટ, ઉદ્વેગ અને અશાંતિ શેને કારણે થાય છે એની પણ જરાક પોતાને વ્યક્તિગત રીતે તપાસીએ તો આપણને ખબર પડે.

આ બધી કલમો છે એ શેની છે ? એ યોગીબાપા જ જણાવી દે છે કે, *'આ બધી કલમો સંપ, સુહૃદભાવ અને એકતાની છે. તે જીવનમાં ઉતારવી.'* બહુ અગત્યની વાત યોગીબાપાએ ટૂંકમાં લખીને કહી દીધી કે, 'જીવનમાં ઉતારવી.' પુસ્તકમાં રહેવા ના દેવી. જ્ઞાન બધું પુસ્તકમાં છે - 'પોથીમાંનાં રીંગણાં.'

શ્રાવણ મહિનો હતો. વૈષ્ણવી ભક્તિ પ્રમાણે શ્રાવણ મહિનામાં એક ગામડામાં કથા ચાલતી હતી. વ્યાસપીઠ ઉપર પુરાણી બિરાજમાન હતા. મંદિરની વ્યવસ્થામાં જુદા જુદા સંતો હોય. જે કથા વાંચે, પુસ્તક વાંચે એ 'પુરાણી' કહેવાય. જે બધો સ્ટૉર ને સ્ટૉક સંભાળે એને 'ભંડારી' કહેવાય. ભેટનો, નાણાંનો હિસાબ રાખે એને 'કોઠારી' કહેવાય. શ્રી ઠાકોરજીની સેવા-પરિચર્યા જે કરે તેને 'પૂજારી' કહેવાય. અને બધાની ઉપર 'મહંત' કહેવાય.

શ્રાવણ મહિનામાં રીંગણમાં ઈયળ પડે એટલે શ્રાવણ મહિનામાં રીંગણાં ખાવાં નહીં એવું આપણાં ધાર્મિક પુસ્તકોમાં લખેલું છે. એની પાછળનો મુખ્ય મુદ્દો આપણી તંદુરસ્તીનો છે. એક ગરીબ ખેડૂતના ખેતરમાં રીંગણ સરસ થયેલાં. આમ તો શ્રાવણ મહિનામાં રીંગણ ખાવાનો નિષેધ હોય, પણ ખેડૂત રીંગણ લઈ આવ્યો. કારણ કે, પારાયણ થાય ત્યારે પોથી ઉપર કંઈક પધરાવવું પડે, કંઈક ભેટ ધરાવવી પડે. પેલા ખેડૂતે પેટ છૂટી વાત કરી.

'પેટ છૂટી વાત કરવી.' એટલે કપટ ના રાખવું. મોટા પુરુષ સાથેનો પોતાનો સંબંધ બાંધવો. પોતાના સખા સાથે, મિત્ર સાથે પેટ છૂટી વાત થાય, સુખ-દુઃખની વાત થાય એને 'સખ્યભાવ' કહેવાય. ગુરુ સાથે આપણે સખ્યભાવ પણ સાધવો જોઈએ. નવધાભક્તિનું એક પગથિયું છે 'સખ્યમ્'. અને પછી છેલ્લે આવે છે 'આત્મનિવેદનમ્' - આત્મનિવેદન ભાવ. હું સમર્પિત થઈ ગયો, હું તમારો ને તમે મારા; એવા ભગવાનના ભાવથી ગુરુની સાથે જે જોડાઈ જાય છે એને આત્મનિવેદન ભાવ કહેવામાં આવે છે. એટલે કે, હું આત્મા છું, હું દેહ નથી. હું આત્મા છું અને મારે વિશે પરમાત્મા, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે - એ કૉન્સિયસનેસમાં હવે હું જીવવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

ખેડૂતે પેટછૂટી વાત કરી કે, 'બાપજી ! મારા ખેતરમાં સરસ કૂણાં રીંગણ તૈયાર થયાં છે, એ હું લઈ આવ્યો છું, તો આપ લેશો ?' આમ તો ઋતુના હિસાબે તંદુરસ્તીની દષ્ટિથી શાસ્ત્રમાં એને ખાવાનો નિષેધ કરવામાં આવ્યો હોય, બાકી તો લીલું શાકભાજી છે અને આ ખવાય ને આ ના ખવાય એનાથી ઉપર ઊઠીને અધ્યાત્મના ભાવમાં પહોંચવાનું છે ! પુરાણી મહારાજ એવા જ હતા. એમણે કહ્યું કે, 'એ રીંગણાં છે એ શાસ્ત્રમાં લખેલાં છે. અને આ તું જે લાવ્યો છું એનું જ સાંજે મારે શાક કરીને ખાવાનું છે.' એટલે 'પોથીમાંનાં રીંગણાં' એવો શબ્દપ્રયોગ તમે સાંભળ્યો હશે. એ બધી વાતો પોથીમાં-પુસ્તકમાં લખી છે, જીવનમાં નહીં ઉતારવાની.

એટલે યોગીબાપાએ લખ્યું કે, *'આ જે કલમો છે એ સંપ, સુહૃદભાવ, એકતાની છે. તે જીવનમાં ઉતારવી. બોલો સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાનની જય; બોલો પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજની જય.'* આ પત્રના અંતે યોગીબાપાએ પોતાના ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન અને પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જય બોલાવીને આ પત્ર અહીં પૂરો કર્યો છે. આ થયું ગ્રંથ-માહાત્મ્યનું પહેલું પ્રકરણ. અને આ થઈ પારાયણની પ્રથમ પ્રસ્તાવના.

યોગીબાપાએ જશુભાઈને કહ્યું કે, 'તમે તો અમારા ભાગીદાર છો. અને યુવાનો તો અમારા હૃદય સમાન છે. તો તમારું હૃદય ભગવું કરીશું. ભગવાં વસ્ત્રની દીક્ષા આપતા નથી.' યોગીબાપાના આ આશીર્વાદ અને આશીર્વાદ ઝીલવાની સાહેબદાદાની ક્ષમતા, પાત્રતા ! તો આજે એ સંકલ્પ સાકાર થયો છે. ગુરુદેવ યોગીજી મહારાજ પ્રત્યેની ભક્તિ, ઋણભાવ, દાસત્વભાવના પાઠ પાકા કરવા માટે આપણે 'યોગીગીતા'ની પારાયણ કરીએ છીએ.

મેં પ્રથમ કહ્યું એ પ્રમાણે, કેટલાં વર્ષો પહેલાં - ૧૯૪૧માં ૨૮મી માર્ચ, શુક્રવારના દિવસે યોગીબાપાએ એક ભક્તરાજને આ પત્રપ્રસાદી લખી આપી, જે આજે હવે આપણા સત્સંગના ચલણમાં આવી. અને આપણે બધા યોગીબાપાના ખાનદાનના શિષ્યો કહેવાઈએ, સંતાનો કહેવાઈએ - યોગીબાપાનું ખાનદાન ! અને યોગીબાપાનું ખાનદાન એટલે દાસત્વભાવ. યોગીબાપામાં બધું જ હતું. યોગીબાપાને અમારા સમયમાં લોકો વચનસિદ્ધ પુરુષ તરીકે ઓળખતા. યોગીબાપા ધબ્બો મારે ને આશીર્વાદ આપે એટલે નસીબ આડેથી પાંદડું ખસી જાય, રંક

હોય તે રાજા થાય. એ બોલે એટલે ફળે જ ! એવો એમનો સાધુતાનો પ્રતાપ હતો. કારણ કે, તેઓ નહોતા બોલતા, એમનામાં રહીને ભગવાન પોતાના ભક્તોને–આશ્રિતોને આશીર્વાદ આપતા હતા; એટલે એમને વચનસિદ્ધ પુરુષ કહેતા. અને જેને વચનસિદ્ધિ આવી હોય, ભગવાન અને પ્રકૃતિ, કુદરત પણ જેમના કહ્યામાં આવી જાય એ માણસનો અહંકાર કેટલો વધી જાય ? સત્તા, સામર્થી, ઐશ્વર્ય, પ્રતાપ કેટલું આવી જાય ? નાનો સરખો હોદ્દો મળે છે તોય પાવર દેખાય છે. લક્ષ્મીનું થોડું બૅન્ક બૅલેન્સ વધે છે તોય પાવર દેખાય છે. જ્યારે આ તો જેમને વચનસિદ્ધ પુરુષ કહ્યા ! અને પ્રકૃતિ પણ એનો નિયમ બદલી કાઢે, નસીબ તમારું બદલાઈ જાય, પરિવર્તન થઈ જાય એવા પ્રસંગો પણ જોયેલા છે. માત્ર ચમત્કાર નહીં, પણ ભક્તનું હિત, રૂડું ને મંગલ થાય એવા ભાવથી યોગીબાપાના શ્રીમુખેથી ભગવાનના આશીર્વાદ પ્રગટે, એટલે લોકો એમને વચનસિદ્ધ પુરુષ કહેતા.

આજે પણ દેશ-વિદેશમાં ક્યાંય કોઈ નવી અજાણી વ્યક્તિ મળે અને એ જ્યારે એમ કહે કે, 'મેં યોગીબાપાનો ધબ્બો ખાધેલો.' તો સાહેબના મોઢા ઉપર જે પ્રસન્નતા ખીલે ! એ ક્યાંથી ક્યાં સંબંધ ! આજે એ ભલે કાંઈ નિયમ, ધર્મ, સત્સંગ, ભક્તિ, સભા, સમૈયા કશેય ના આવતા હોય, પણ એને એના જીવનમાં એક જ સ્મૃતિ કે, 'મેં યોગીબાપાનાં દર્શન કરેલાં અને યોગીબાપાએ મને ધબ્બો મારેલો.' બસ એ ધબ્બો આજે એને સાહેબદાદા સુધી તાણી લાવ્યો, ખેંચી લાવ્યો. અને સાહેબદાદાએ એ ચૈતન્ય સાથે પોતાનો સંબંધ જોડીને ભગવદ્ પ્રાપ્તિના માર્ગે એને આગળ લીધો ! એટલી જબરજસ્ત શક્તિ એ પુરુષમાં છે !

પેલા ભક્તરાજને 'વચનામૃત'ની અઘરી અઘરી વાતો યાદ નથી રહેતી. કારણ કે, યોગીબાપા તો દિવસમાં પાંચ સમયની કથા કરાવતા. શિખરબદ્ધ મંદિરમાં પાંચ ટાણાની આરતી થાય અને દરેક પાંચ ટાણે કથા થાય. યોગીબાપા પાસે તો એક જ પુસ્તક 'વચનામૃત', તે તેઓ પોતે વાંચે અથવા હાજર કોઈ ભક્ત હોય તો એની પાસે વંચાવે અને પાંચ ટાણાની કથા કરતા.

હવે યોગીબાપાને ઑપરેશન કરાવેલું એટલે તેઓ બધો ખોરાક લેતા થાય, એમની બધી નબળાઈ દૂર થાય ત્યાં સુધી – ચાર-છ મહિના સુધી યોગીબાપાની સેવામાં રહેવાની શાસ્ત્રીજી મહારાજે પેલા ભક્તને આજ્ઞા કરેલી. યોગીબાપા 'વચનામૃત' વગર તો રહે જ નહીં અને તેઓને મહારાજની અને પોતાના ગુરુની અખંડ સ્મૃતિ ! યોગીબાપા ઑપરેશનમાંથી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે પહેલો સવાલ તેઓ પૂછે છે કે, 'શાસ્ત્રીજી મહારાજને દૂધ આપવાનો સમય થયો, શાસ્ત્રીજી મહારાજને દૂધ આપ્યું ?' એનેસ્થિટિક (anesthetic) કન્ડિશનમાં પણ એમને સ્મૃતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ સિવાય બીજી કંઈ હતી નહિ.

આપણને તો આપણા દેહની જ પીડા થતી હોય અને આપણા દેહનું જ ભાન રહેતું હોય, જ્યારે આ ગુણાતીત પુરુષો દેહના ભાવથી કેવા ઉપર ઊઠી ગયા હોય એ સ્થિતિનું દર્શન થાય છે ! અને એટલે તેઓ કહી શકે કે, 'મહારાજ ન્હાવ !' 'સ્વામી ન્હાવ !' 'શાસ્ત્રીજી મહારાજ ન્હાવ !' જમતી વખતે પણ કોળિયો લેતા જાય અને બોલતા જાય, 'હે મહારાજ જમો !' શરીરનો ભાવ જ નહીં, દેહનો ભાવ જ નહીં; બ્રહ્મના ભાવથી ભર્યોભર્યો પછી તેઓ ધબ્બો મારે ત્યારે એ ધબ્બો કંઈ તેઓ ના મારતા હોય પણ બ્રહ્મના ભાવથી ભર્યા ભર્યા ભગવાન જ એમના હાથનો ઉપયોગ ભક્તને આશીર્વાદ આપવા માટે કરતા હોય.

એવા યોગીબાપાએ પેલા ભગતને સહેલી રીતે, સમરાઇઝ્ડ, ટૂંકાં ટૂંકાં વાક્યોમાં વચનામૃતોનું રહસ્ય સમજાવવા માટે લખી આપ્યું. એ વચનામૃતોનો આપણે માત્ર નામ-ઉલ્લેખ કરીશું અને પહેલાં આપણે આ 'યોગીગીતા'નો સંપૂર્ણ પાઠ કરીશું. પારાયણની આપણી એક પવિત્ર ફરજ બની રહે કે, જે ગ્રંથનું આપણે પારાયણ કરીએ છીએ એનું સંપૂર્ણ પઠન પહેલાં તો થવું જોઈએ. એટલે આપણે પઠન કરીને પણ પારાયણ કર્યાનો સંતોષ પ્રાપ્ત કરીશું.

યોગીબાપાએ પાંચેય 'વચનામૃત' પર ટૂંકનોંધ લખીને, 'વચનામૃત'ની સહેલી સહેલી વાતો લખીને પેલા ભક્તને આપી. એમાં એમણે સાદી, સીધી, સરળ ભાષામાં એમ કીધું કે, *'પાંચ વાર્તા સંબંધી વચનામૃતમાંથી વાર્તાની નોંધ.'* યોગીબાપાએ પાંચ વચનામૃતોનો પેલા ભક્તને માટે સિલેબસ આપ્યો. આપણે એમ સમજીએ કે, આપણા માટે સિલેબસ આપ્યો. જેઓ સ્વાધ્યાયી છે, મારા સાથીદાર સંતો છે, એમને આ પાંચેય વચનામૃતમાં જરા વધારે ઊંડાણથી પ્રવેશ કરવાની હું પ્રાર્થના કરું છું. આવી રીતે આપણે સ્વાધ્યાય કરવો જોઈએ. કારણ કે, આપણે એને જીવનના આચરણમાં લાવવાનું છે.

પાંચ 'વચનામૃત'માંથી માત્ર પાંચ વાત સૂત્રાત્મક રીતે યોગીબાપાએ અહીંયાં લખી આપી. શું કરવું ? શું જાણવું ? શું મૂકવું ? શું સમજવું ? અને શું રાખવું ? – કેટલી સુંદર રીતે એમણે ઇંકવૅશન મૂક્યું ! કશું જ્ઞાન નહીં, કોઈ અઘરી વાત નહીં. 'કરવા જેવું શું છે ?' એ એક લીટીમાં કહી દીધું. 'રાખવા જેવું શું છે ?' તે એક લીટીમાં કહી દીધું. જીવનમાં શું કરવાનું છે અને શું સાચવી રાખવાનું છે તે તમારે જાણવું છે ? તમારે બ્રહ્મજ્ઞાની થવું છે ? તો યોગીબાપા એમ કહે છે :

*કરવું – સંત-સમાગમ (મન-કર્મ-વચને)*

એક લીટીમાં સમજાવી દીધું-સત્ સંગ. 'નિશદિન સંત સમાગમ કીજે, હો નિશદિન સંત સમાગમ કીજે...' કરવું શું ભાઈ? તો સંત-સમગામ. અને આપણને સમજણ પડે એટલે બ્રૅકેટમાં લખ્યું કે, મન, કર્મ અને વચનથી સંત-સમાગમ કરવો. ઈશ્વરે મને મનુષ્ય શરીર આપીને આ સૃષ્ટિમાં મોકલ્યો છે તો મારું સૌથી પહેલામાં પહેલું કર્તવ્ય શું છે ? મારે કરવાનું શું છે ? એ સમજાવો તો કરવા માંડીએ. એટલે પહેલામાં પહેલું સૂત્ર યોગીબાપાએ લખ્યું-'કરવું : સંત-સમાગમ, (મન-કર્મ-વચને)'

*જાણવું – જડ અને ચૈતન્યનો વિવેક*

જડ એટલે નાશવંત અને ચૈતન્ય એટલે જેની ચેતના જાગ્રત થઈ ગઈ છે તે. જડ-ચૈતન્યનો વિવેક – 'વિવેક' શબ્દ બહુ સુંદર છે. બેની વચ્ચેનો ભેદ જેને ઓળખતાં, સમજતાં આવડે તેને વિવેકી કહેવાય. શિષ્ટાચારની ભાષામાં જેને મૅનર કહે છે. મૅનર પાછી ઘણા બધા પ્રકારની હોય. તમે ડાઈનિંગ ટૅબલ પર બેઠા હોવ ત્યારે કેવી રીતે બેસવું, ચમચી-કાંટો કેવી રીતે પકડવો અને તે વખતે કયા વિષયની ચર્ચા થાય-કઈ ના થાય ? એને ટૅબલ મૅનર કહેવાય. ટ્રેનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે બાજુમાં બેઠેલા પૅસેન્જર સાથે કયા પ્રકારની વાત થાય, કયા વિષય ઉપર વાત થાય, ઘરે જે થયું હોય તેની વાત કંઈ ના કહેવાય – એને આપણે વિવેક કહીએ છીએ. પણ અહીંયાં, આધ્યાત્મિક દૃષ્ટિએ જડ અને ચૈતન્યનો વિવેક ! જે નાશવંત છે, જે પરિવર્તનશીલ છે તે અને અને બીજું, જે સનાતન છે અને કાયમ છે તે; એ બેનો ભેદ સમજવો એને જડ અને ચૈતન્યનો વિવેક કહેવાય.

*મૂકવું – પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ.*

શું છોડી દેવું? શું મૂકવું? ઘર, સંસાર, વ્યવહાર, વહેપાર એ છોડવાની વાત નથી કરી. સંન્યાસ લેવાની વાત નથી કરી. વન, પર્વત, જંગલમાં જઈને તપશ્ચર્યા કરવાની વાત નથી કરી. પણ પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ એ મૂકવો. એ મૂક્યો એટલે સંસાર છૂટી ગયો. ભલેને સંસારમાં રહ્યા, ભલેને વહેવાર કરીએ, વેપાર કરીએ, પહેરીએ-ઓઢીએ, હરીએ-ફરીએ, આપણી રીતનો નિર્દોષ, મોજ મજાને આનંદ કરીએ; પણ મૂકવાનું જે છે તે – પંચવિષય, દેહાભિમાન અને અવળો પક્ષ.

*સમજવું – ભગવાનનું સ્વરૂપ*

જે સદાય દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે એ ભગવાનના સ્વરૂપને સમજવું.

*રાખવું – બ્રહ્મ થઈને પરબ્રહ્મ*

બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવી-એ જ રાખવા જેવું છે, બીજું કાંઈ રાખવા જેવું નથી. કલ્યાણનું જતન કરવું. જેની પાસે માલ હોય એને કોઈ ચોર ચોરી ના જાય એવી કાળજી રાખવી. 'જતન કરવું, સાચવવું' એ વાત જે સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં કરી છે તે રાખવું. બ્રહ્મ થઈને પરબ્રહ્મ – તે સદાય સનાતન ! આત્મારૂપે વર્તીને પરમાત્માની ભક્તિ કરવી એટલું રાખવા જેવું છે, બીજું બધું ભલેને જતું રહેતું. સંતોએ એમની વાણીમાં કહ્યું, 'ખર્ચ્યું ના ખૂટે, જેને ચોર ના લૂંટે' એવું જે રામરતન રૂપી ધન મને પ્રાપ્ત થયું છે એ જ સાચવી રાખીએ એટલે બધું રહ્યું. એક તમે રહ્યા તો બધું રહ્યું.

એના માટે એક બહુ મજાની વાર્તા છે. એક રાજાએ પોતાના નગરમાં એક જાહેરાત કરી કે, 'મારા મહેલના દરવાજા આવતી કાલે સવારે ખૂલે એટલે મારા રાજમહેલનું રાચરચીલું, ધન-વૈભવ જેને જે જોઈતું હોય તે દરેક જણ એની ઉપર પોતાનો હાથ મૂકી દે એટલે કે બોટી લે કે, આ મને ગમ્યું, આ હું લઈશ; એ એને બક્ષિસ આપી દીધું.' મોડા ના પડાય એટલે બધા આખી રાત ઉજાગરા કરીને ઊભા રહી ગયા અને જેવા સવારે રાજમહેલના દરવાજા ખૂલ્યા એટલે હુડુડુ કરતા જે વહેલો તે પહેલો એમ જે ચળકતી ને કિંમતી વસ્તુ જોઈ એ દરેક ઉપર બધાએ પોતપોતાનો હાથ મૂકીને બોટી લીધું કે, 'આ મારું... આ મારું...' એવું સ્વાભાવિક રીતે અત્યારે આપણે અજાણપણે પણ કરતા રહ્યા છીએ.

એમાં છેલ્લે એક નાનું બાળક આવ્યું. તે બિચારાને ધક્કામૂક્કીમાં ક્યાંય એનો નંબર કોઈએ લાગવા દીધેલો નહીં. રાજા એમના સિંહાસન ઉપર બેઠેલા. એણે તો સીધા જઈને રાજાના માથા ઉપર હાથ મૂકી દીધો. કારણ કે, વસ્તુ તો કોઈ બાકી રહી જ નહોતી. બધા પોતપોતાની વસ્તુ ઉપર હાથ મૂકી ઊભા રહી ગયા હતા. બધું ઑક્યુપાઇડ થઈ ગયું હતું – એમ કહીએ કે, બધી વસ્તુ પઝેશનમાં આવી ગઈ હતી. રાજા એકલા બેઠેલા ને મરક મરક હસ્યા કરે. કોને શું જોઈએ છે, કોનું મન શેમાં લોભાય છે અને શું ગમે છે તે જોઈ રહ્યા હતા. પછી પેલો બાળક આવ્યો અને આવીને રાજાના માથા ઉપર જ હાથ મૂકી દીધો. રાજા પણ ઘડીક નવાઈ પામ્યા ને પૂછ્યું કે, મારા માથા ઉપર કેમ હાથ મૂક્યો ? તો કહે, તમારા માથા ઉપર હાથ મૂકું એટલે તમારું જે કંઈ પણ છે એ બધું મારું. કોઈ એક વસ્તુ ઉપર શું કરવા હાથ મૂકું ? કોઈ એક વસ્તુ ઉપર હાથ મૂકું તો માત્ર એ એક જ વસ્તુ લઈને મારે રાજમહેલમાંથી બહાર નીકળવાનું.

આવાં રમૂજી દૃષ્ટાંતો આપણે વાંચીએ છીએ, સાંભળીએ છીએ, જાણીએ છીએ. અને એટલે યોગીબાપાએ એક લીટીમાં કહ્યું,

સાચવીને રાખવા જેવી બાબત શું છે ? તો- બ્રહ્મ થઈને પરબ્રહ્મ ! હું આત્મા છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે ; તે ભાવમાં રહેવું. આટલું રાખવું બસ ! બીજું કાંઈ નહીં. રાખવા જેવી જે બાબત છે તે છે બ્રહ્મભાવ ! ધન્યભાવ ! ધન્ય થઈ ગયો પ્રભુ, ધન્ય થઈ ગયો !

સંતોએ કીર્તનમાં ગાયું, 'રામરતન ધન પાયો જી, મૈંને રામરતન ધન પાયો.' એ ધન કેવું છે ? તો ખર્ચ્યું ખૂટે નહીં, એને કોઈ ચોરી જાય નહીં. આપણી વૈદિક સંસ્કૃતિ પ્રમાણે, આપણા વેદોમાં લખ્યું છે એમ, પૂર્ણમાંથી પૂર્ણ લઈ જાય તો પણ અંતે પૂર્ણ જ બચે. શું લઈ જશે ? કેટલું લઈ જશે ? અને કોણ લઈ જશે ? બધુંય લઈ જાય તો પણ મારા ભાગે મારા પ્રભુ છે ! આ મસ્તી – એને 'ફકિરાઈ' કહેવામાં આવે છે. 'ફિકરના ફાકા મારે ઉસકા નામ ફકીર.' એવું પણ કહેવાયું છે.

જે માલ છે, મુદ્દો છે, એ સચવાયો અને એ આપણી પાસે છે પછી બાકી બધું ભલેને જતું રહેતું. કોઈની પાસે પારસમણિ હોય-લોઢાને સોનું બનાવે એવું રત્ન હોય, અને કદાચ એનું રાચરચીલું, દાગીના, ઝવેરાત, બધું કોઈ લઈ જાય, પણ એક પારસમણિ રાખ્યો હોય તો પછી નિરાંતે ભંગાર લોઢું ભેગું કરીને ઢગલાબંધ સોનું બનાવી શકે કે ના બનાવી શકે ? આપણે આ બધું જાણીએ છીએ, બધું સમજીએ છીએ.

યોગીબાપાએ સૂત્રાત્મક રીતે આ પાંચ વચનામૃતનો સાર,

*કરવું – સંત સમાગમ (મન-કર્મ-વચને)*

*જાણવું – જડ-ચૈતન્યનો વિવેક*

*મૂકવું – પંચ વિષય, દેહાભિમાન અને અવળો પક્ષ.*

*સમજવું – ભગવાનનું સ્વરૂપ અને*

*રાખવું – બ્રહ્મ થઈને પરબ્રહ્મ.*

આટલો ટૂંકો સાર પાંચેય 'વચનામૃત'માંથી વાર્તાની નોંધમાં લખીને આપ્યા પછીથી...

*ભગવાનની ભક્તિમાં વિઘ્ન ત્રણ મોટાં, તેની નોંધ : મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન, વચનામૃત છેલ્લા પ્રકરણનું ૮મું :*

*(૧) પોતાનો દોષ ન ઓળખાય.*

*(૨) ભગવાનના ભક્ત થકી મન નોખું પડી જાય.*

*(૩) ભગવાનના ભક્ત થકી બેપરવાઈ થઈ જાય.*

*મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન : વચનામૃત છેલ્લા પ્રકરણનું પાંચમું. માહાત્મ્યે યુક્ત ભક્તિ આવ્યાનું શું સાધન?*

*શ્રીજી મહારાજે જવાબ આપ્યો કે શુક-સનકાદિક જેવા જે મોટા પુરુષ તેમની સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે યુક્ત ભક્તિ જીવના હૃદયમાં ઉદય થાય છે. માહાત્મ્ય વગરની ભક્તિ ક્ષયરોગવાળી. જેમ દશ વરસની કન્યાને ક્ષયરોગ લાગુ પડે તે જુવાન થયા પહેલાં મરી જાય છે. તેમ માહાત્મ્ય વિનાની ભક્તિ મોળી પડી જાય છે. વચનામૃત સારંગપુરનું પાંચમું.*

આ વચનામૃતોના મુદ્દા યોગીબાપાએ ભક્તને ટૂંકમાં – સમરી સ્વરૂપે લખીને આપ્યા. અને પછીથી એમને જીવન જીવવાના બહુ સુંદર મુદ્દા લખીને આપ્યા છે તેનું આપણે પઠન કરીએ :

**મુદ્દો-૧**

*નિર્દોષબુદ્ધિ દરેકમાં રાખવી તે જ આપણી સેવા છે. ગઢડા મધ્ય-૨૮ના વચનામૃતમાં ભક્તના ભક્ત થાવું. ગઢડા પ્રથમ-૫૮ પાકો હરિભક્ત કેને જાણવો ? હરિભક્ત, તેના દાસનો દાસ થઈને રહેવું.*

*ગઢડા મધ્ય ૬૨ : ત્રણ અંગમાંથી એક અંગ રાખીને દેહ મૂકીને ધામમાં જાવું. આત્મનિષ્ઠાની (સ્થિતિ) ઉત્તમ, પતિવ્રતાપણું, અને દાસત્વપણું.*

*દાસત્વપણામાં ચાર કલમ સમજવાની આવે છે :*

*(૧) ઈષ્ટદેવનાં દર્શન ગમે.*

*(૨) ઈષ્ટદેવ પાસે રહેવું ગમે.*

*(૩) ઈષ્ટદેવની ક્રિયા ગમે.*

*(૪) પોતાના ઈષ્ટદેવનો સ્વભાવ ગમે.*

*આ ચાર કલમ સમજવાની છે. આ મુદ્દા સમજીને જીવમાં ઉતારવા.*

યોગીબાપા પોતે દાસત્વભક્તિનું સ્વરૂપ. આપણે એમ કહીએ કે, એમણે એમના અંગમાં રહીને ભક્તિ કરી. વચનામૃતમાં ત્રણ અંગમાંથી એક અંગ રાખીને દેહ મૂકીને ધામમાં જાવું એ વાત કરી, પરંતુ યોગીબાપાએ આત્મનિષ્ઠાની અને પતિવ્રતાપણાના અંગની એટલે કે સમજણની અને પ્રીતિના અંગની ડિટેઈલમાં છણાવટ કરી નહીં, પણ પોતાનું જે અંગ – દાસત્વપણાનું, તેની ચાર કલમો સમજવાની અને આ મુદ્દા સમજીને જીવમાં ઉતારવાની વાત કરી.

**બીજો મુદ્દો**

*એકબીજાની ખટપટ ન કરવી. તે કો'કની વાત બીજાને કરવી ને બીજાની વાત કો'કને કરવી, તે સ્વભાવ સાધુતાના માર્ગમાં ખામી રાખે. માટે જેને મોક્ષ જોઈતો હોય તેમણે તે સ્વભાવ મૂકવો.*

**ત્રીજો મુદ્દો**

*સ્વામી જાગા સ્વામી કે'તા, જે અવગુણ લેવાનું મન થાય તો પોતાના દેહનો, ને પોતાના સ્વભાવનો, ને પોતાની જાતિનો અવગુણ લેવો ; પણ બ્રહ્મસ્વરૂપ એકાંતિક ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો.*

**ચોથો મુદ્દો**

સહનશક્તિ એ જબરો ગુણ છે. કો'ક શબ્દ આપણને કટાક્ષથી કહે તો સામું ન બોલતાં સહન કરવું. તેમને ક્ષમા(નો) ગુણ કહે છે. તે ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાંતિ અખંડ આપે (આવે) છે, ને આનંદના ફુવારા છૂટે છે અને મોટા જીવમાંથી રાજી થાય છે. ત્યારે સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ કે'તા જે, દેહ પડી ગિયો એટલે શું થિયું ? એ તો સાધુ થાવું ને સાધુતા શીખવી ને મરી ગિયા એટલે થઈ રહ્યું ને કરવું બાકી કાંઈ ન રહ્યું એમ ન સમજવું. સ્વામી જાગા ભક્ત સ્વામી કે'તા જે, પરક્રિયા ને પારકો આકાર ને પારકા દોષ જીવમાં ઘાલવા નહીં એમ સ્વામી કે'તા. ક્યાંક વાત થાતી હોય ને પોતાના અંગમાં મળતી આવતી હોય તેટલી ગ્રહણ કરવી ને બીજીને ત્યાગ કરવી જે, બીજા ભક્તને અર્થે છે ને મારે અર્થે નથી, એટલે તેમનો અવગુણ આવ્યો ન કહેવાય.

ચાર મુદ્દા લખતાં સુધીમાં યોગીબાપાએ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં શું કહ્યું છે ? તે વાક્યે વાક્યે લખી કાઢ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ તેમની 'વાતો'માં શું કહ્યું છે તે વાક્ય પૂરાં લખી કાઢ્યાં અને જાગા સ્વામી, શું કહે છે તે વાત પણ એમણે અહીંયાં લખી.

**પાંચમો મુદ્દો**

ઝાઝો સમૂહ હોય ને કોઈ વાત થાતી (હોય) ને આપણાથી તે મોટા હોય તે વખતે સાંભળેલી (સાંભળી) લેવી, પણ હેત થાય ત્યારે વાત કરવી. પે'લું હેત કરાવવા શીખવું. હેત કરાવ્યા પછી વાત બેસે. માટે હેત થિયા પછી પોતાનો સિદ્ધાંત કે'વો.

**છઠ્ઠો મુદ્દો**

સુહૃદપણાનો મોટો ગુણ શીખવો. સુહૃદપણું એટલે એકબીજાની ક્રિયા સંપથી કરી લેવી. સેવા એકબીજાની કરી લેવી. કોઈ કહે તે ખમવું ને બીજાને તે વાત જણાવવી પણ નહીં – મુને ફલાણે આમ કહ્યું. અહોહો, મારાં મોટાં ભાગ્ય જે, આવા કે'નારા ક્યાંથી મળે ! એમ કહેનારાનો ગુણ લેવો. સુહૃદપણું હશે તો જબરા ગુણો આવશે, એમ સ્વામીનું વાક્ય છે. માટે અવશ્ય સુહૃદપણું રાખવું.

**૭મો મુદ્દો**

કથાવાર્તાનું વ્યસન રાખવું, કથાવાર્તાનું વ્યસન હોય તો કર્યા વિના રહેવાય જ નહીં. મોટા વાતું કરતા હોય ને પોતે હાજર ન હોય તો હૃદયમાં બળતરા થવી જોઈએ. જ્યારે કથા સાંભળીએ ત્યારે શાંતિ થાય. માટે શબ્દ ઝીલવા શીખવું. એકે શબ્દ વૃથા જાવા દેવો નહીં. નવીન નવીન વાતો યાદી (યાદ) રાખવી. તો જ શ્રુત કહેવાય. માટે ખરા શ્રુત થાવું.

આટલા સાત મુદ્દા જીવમાં ઉતારી, સમજી, કેફ રાખવો. વાત તો ઘણી થઈ, પણ ટૂંકામાં આટલું સમજવાનું. મોટા વાતું કરતા હોય ત્યારે વાત સાંભળવી ને એકમને થઈને, વચમાં કોઈ પણ ડા'પણથી બોલવું નહીં. અધ્ધર વચન ઝીલી લેવાં.

બોલો, સ્વામિનારાયણની જય.

બોલો, મૂળ અક્ષર સ્વામીની જય.

બોલો, શાસ્ત્રીજી મહારાજની જય!

*

થોડા બોલા થાવું. વાણી જે વાપરવી તે દૂધની પેઠે વાપરવી પણ પાણીની પેઠે ન વાપરવી. બોલ્ય બોલ્ય ન કરવું. ઘટે તેટલું બોલવું. સત્ય, હિત ને પ્રિય લાગે તેવું વચન બોલવું. એટલે સૌને આપણામાં હેત થાય એવું અંગ રાખવું. આટલો પાઠ કરવાથી શાંતિ રહેશે.

શૂરવીર થાવું જેથી ઈન્દ્રિયું-અંતઃકરણ થર થર કંપતા ફરે ને ખોટો ઘાટ પણ ના થાય. (વચ.) છે.પ્ર.ર. રાત-દિવસ વાંચ્યા જ કરવું. આટલી કલમ યાદ રાખવી. પૂજ્ય ભગતજી મહારાજ, પૂજ્ય સ્વામી જાગા ભક્ત, પૂજ્ય અદાશ્રી ને પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને સંભારવા. દરરોજ સ્મૃતિ રાખવી.

કોઈ વાળે ત્યારે આપણે વેગમાં હોઈએ તો પણ વળી જાવું એ ગુણ જબરો છે. પણ પોતાનો એકડો સાચો રાખવો નહીં. એક વાત શીખવાની છે-કટ વળી જાવું. પોતાનો બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ ક્ષણ પણ મોળો પડવા દેવો નહીં. કામ-ક્રોધના ઘાટ થાય ત્યારે જ્ઞાને કરીને દબાવી દેવા.

જો ભૂંડો ઘાટ કર્યો તો તારા ભૂક્કા કરી નાખીશ ! રાજ્યનીતિનું વચનામૃત ગ. મ. ૧૨ વાંચવું. પછી એક પણ સંકલ્પ ન થાય. સાંખ્યવિચાર કરવા શીખવો. દેહ, લોક, ભોગ ખોટા સમજી લેવા. આવો વિચાર સવારમાં કરવો - હું ગુણાતીત છું ને મારા જીવમાં સ્વામી-શ્રીજી સાક્ષાત્ બેઠા છે. પ્રત્યક્ષ બ્રહ્મ-સ્વરૂપ પોતાને માનવો. એ જ વિનંતી. ભૂલચૂક સુધારી વાંચશો.

આ પ્રમાણે યોગીબાપાએ લખી આપેલી પત્રપ્રસાદી 'યોગીગીતા'ના સાત મુદ્દા, પાછળથી બે નોંધ અને પાંચ વાત વચનામૃતોના આધારે ટૂંકનોંધનું આપણે પઠન કર્યું. 'પોતાનો બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ ક્ષણમાત્ર પણ મોળો પડવા દેવો નહીં.' આ અનાદિ સત્ય સનાતન વાત યોગીબાપાએ ૧૯૪૧ની સાલમાં કરેલી છે. આજે હવે આપણને સાહેબદાદા પાઠ ગોખાવડાવે છે કે, 'અક્ષર એવો હું, પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપ ગુરુહરિનો દાસ છું.'

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Madhya 22 :**
***" Be Sena nu, Narayan padharavya nu"***
**29 September 2018, Brahmajyoti Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

*'Bija bajaari bakaal re, Santo shid ne rahiye kangal...'*

Do you know what *'bakaal'* means? '*Bakaalu*' means vegetables, and *'bakaal'* refers to the vegetable seller. This line of the bhajan means, people are like vegetable sellers, whereas Santo are those who are God's traders. Those who live in God, who live their lives for God and who desire nothing except God, is the Sadhu! And everyone besides the Sadhu are '*bakaal'.* The Kathiawadi word for vegetables is '*bakaalu*'. Yogi Bapa would specially sing this bhajan and say to the Santo, *'..malyo maha moto maal re, Santo shid ne rahiye kangal..'* – meaning to say, you have got God and you have Santo, there is no greater possession than this.

In this *kirtan*, the verse, '*Raja ni raani bhami bhikh maange.'* refers to the example of the beggar lady. [The story used to be told by Bapa to illustrate how we can be like beggars, who even though we have attained God, do not want to let go of our dire condition, meaning our worldly ways, desires etc. but rather hold onto them stubbornly, in spite of God wanting to give us everything.]

The story is of a king who became attracted to a common lady. She was healthy and pretty and so he married her. Once she became queen, she was naturally served the most sumptuous meals, but she started to lose weight. The king was concerned and so many physicians and teams of doctors were called in, but even then she did not get well and continued to lose weight. One of the smarter doctors decided to observe her over a number of days and found that she was not eating anything! The doctor looked into her condition, and dug deeper into her history and found that she came from a class of people that traditionally begged for food. This is what she was used to and therefore she would reject the food that came specially prepared for her. The doctor instructed the queen's maidservant to serve the food and then leave the room, and not to be present at any time when the queen had her food. So the maidservant did as she was told and left the room. Once the queen was

alone, she got up and shut all the doors and windows and then put little scraps of food on all the ledges. She then took a traditional Indian broom, broke off a stick and brushed her teeth with it. Making a little bag out of cloth, she slung it over her shoulder and started to call out at each window ledge, '*Mahalakshmi* please give a piece of *rotlo…!'* Saying that, she would stand by each window, use the stick to pull the food into her cloth bag and then go into a corner, sit down and eat whatever scrap she had. After six months, the queen had blossomed and put on healthy weight! The king called for the doctor and asked him, 'what medicine did you give?' The next day, after the queen was served her food, the doctor showed the king what she did. Seeing this, the king said, 'oh my goodness, she is a beggar. She has come into the palace and still her old traits have not left her! Take her out of the palace at once.' In this way, seeing her as unfit for the palace, the king had her leave.

Yogiji Maharaj says that God has wedded us, God has accepted us, has embraced us and yet we take joy in all of our ingrained wants, desires and sentiments; we take joy in everything besides God, and that is our ignorance; so let go of that. Bhagwan says that it is because we have other expectations besides God, we want things other than God and want to attain something other than God that we remain like beggars. We have attained God, we have the Sadhu in our lives – and that joy is of a completely different type! It is not like that of a beggar.

'Vachanamrut Gadhada Madhye 22: Two Armies; The Consecration of Nar-Narayan' speaks precisely of that which was sung in this bhajan.

We are aware of the whole history of Bhagwan Swaminarayan, who at the age of nineteen years graced the soil of Gujarat. His heart settled in Ramanand Swami's ashram and there he resolved to make Gujarat the soil from which he would carry out his work, and begin the path by which to transform man into exceptional human beings. He made Ramanand Swami's ashram his base and that is where he stayed. He was initiated in that year, and by the time he was twenty-one years old, Ramanand Swami had instated him as the head of the order.

Just two days ago, someone was asking, 'God used to wear the saffron robe, so when did He start to wear such clothes? Why did He do that?' Maharaj took *bhagwati*[1] initiation from Ramanand Swami and Ramanand Swami named him Sahajanand Swami. But when Ramanand Swami instated him as the Acharya of the order, the restriction regarding attire was no longer applicable. As the 'Acharya Maharaj,' he could then wear any clothes he wished. In the same way that our Acharya Maharaj's – Rakeshprasadji Maharaj, Tejendraprasad Maharaj, Kaushalendra-prasadji Maharaj wear their chosen attire, when twenty-one year old Maharaj was seated as the head of the order, he began to wear the clothing of the Acharya.

For twenty years, between the age of twenty-one to forty years, Maharaj travelled and did *vicharan*[2] but he did not build any mandirs. Maharaj initiated 3000 sadhus, out of which 500 were *paramhansas*[3] and there were hundreds of thousands of devotees, but Maharaj stayed in Dada Khachar's darbar, Jiva Khachar's darbar and at the various other darbars. While travelling, they would rest under trees, with all their belongings, but there was no mandir. It was only when Muktanand Swami prayed for it, that Maharaj

**[1] Initiation as a Sadhu, whereby one is given the saffron robes.**

**[2] To travel from place to place solely to carry out spiritual work.**

**[3] Paramhansa refers to the sadhu of the highest calibre and spiritual understanding.**

decided to create mandirs, to instate beautiful *murtis*, to give rise to such Sadhus that would instil life in those *murtis*, to create such scriptures that would spread the glory of the Lord, of the Sadhus and of the mandirs, and have such *seva*-inclined devotees that would befit all of this. These six resolutions were made by Maharaj.

Maharaj constructed the very first mandir in Amdavad. At that time Amdavad was under Muslim rule. With the spread of Bhagwan Swaminarayan's glory and with so many people being drawn to the Swaminarayan Sampradaya, the Muslims felt this would be a threat to them. For that reason, the Muslim ruler called Bhagwan Swaminarayan to his court. Bhagwan Swaminarayan had resolved to create a mandir in Amdavad, so Maharaj had asked the Muslim ruler for some land. The Muslim king had said, 'For as long as I rule, I will not give you land.' Maharaj replied, 'Yes but when your rule is gone, I will certainly get the land!' The Muslim king got very angry and invited Maharaj to his court, with a plot to kill him. We know of this incident. The king had a large boiling pot of oil placed and covered it with only a decorative cloth to make it look like a seat, so that when Maharaj would be made to sit there, he would fall straight into the boiling oil. Maharaj came to meet the king, but before he sat down he poked the decorative cloth of the seat with his cane, and the cloth cover fell straight into the oil! The king's deceptive plot was uncovered! Maharaj was displeased with him and left from there. Whatever spiritual merit that king had was finished. In just a short space of time, the British took over the whole of Amdavad.

During the period of the king's reign, crime and vice were rife and social values were at an all-time low. The British were intelligent and they were also the best administrators. They carried out a lot of work that was in the best interest of the people. They held a meeting; they felt this city is wonderful, this country is wonderful but what can we do to decrease the crime and the nuisance? Thereupon one smart individual commented that to pull them out of addiction, vice and crime, we have to first change and improve their mind-set. Laws and punishment will only be able to control them for a while, but that would be a temporary solution. If we want to make it permanent, then at present, there is someone by the name of Bhagwan Swaminarayan, who is such a being that positively transforms the mind-set of whosoever comes into his association. So why not invite him here and ask him to grace the city of Amdavad. For this reason, the British invited Bhagwan Swaminarayan to Amdavad. Bhagwan Swaminarayan accepted the invitation and the British warmly welcomed him. The British governor humbly requested and put his prayer before Bhagwan Swaminarayan saying, 'In the same way that the people of Saurashtra who have come into your association, who have served you, listened to you, had your *darshan* – have become free of vice, negative habits and traits and are now living good, honest lives; please do the same for Amdavad! Grace the people of Amdavad!'

That is when Bhagwan Swaminarayan said, 'We too had resolved that we would build a mandir here, so we would like some land for that.' Having heard what Bhagwan Swaminarayan had to say, the British said, 'Please choose from the surrounding areas of Amdavad which and however much land you need and we will give it to you.' And the British passed these orders down to the administrative office-bearers. Bhagwan Swaminarayan set off on his horse with his Santo. At that time, the area that is today known as Kalupur, was on the outskirts of Amdavad, and Bhagwan Swaminarayan selected the area that had

wild-berry trees. He then set his horse loose and whatever area Manki-godi covered was the amount of land that Maharaj requested from the British.

This happened for two mandirs. One was Amdavad, where Bhagwan Swaminarayan said, 'The Muslim king is refusing us, but when his rule goes, we will get the land won't we!' And they got the land. Maharaj constructed the first mandir in Amdavad, and instated the deities of Nar-Narayan. This Vachanamrut is talking about this – the seat of Nar-Narayan. It is after the consecration of the deities of Nar-Narayan, that Maharaj has spoken this Vachanamrut.

The second place that this happened was for Gadhpur mandir. Bhagwan Swaminarayan wanted to build a mandir in Gadhpur. Dada Khachar's uncle, Jiva Khachar had a large belt of land alongside the river. At that time, the Shri Gopinathji Mandir that is in Dada Khachar's darbar, was not yet built. It was Maharaj's wish to build the mandir on the hill-top, alongside the river bank. Bhagwan Swaminarayan had chosen the place for it. Dada Khachar told Maharaj, that he did not own that land and that it belonged to his uncle, Jiva Khachar. So Maharaj called for Jiva Khachar and said, 'We would like to build a mandir on this site, so please give us this land.' Jiva Khachar said, 'the land is yours Maharaj! Use it as you wish.' Maharaj replied, 'Jiva Khachar, give us the deed in writing, then we will begin the work of the mandir.' Jiva Khachar replied, 'Maharaj, we are one; why go through the headache of paperwork?' Maharaj said, 'No, we will only construct the mandir, if we have this in writing. When it comes to kings, men and monkeys; if something goes wrong, then you could tell us to pack our bags and leave tomorrow, and at such a time, where will our sadhus go?' Jiva Khachar replied, 'Maharaj, please do not speak of having this in writing. We do not want to put anything on paper. If you want to build the mandir, then build it, otherwise it is up to you.' With all of this hassle going on, Dada Khachar intervened and said to Maharaj, 'Maharaj, he is stubborn; he will not understand.' There are many who are like this, who are so stubborn and will not listen to anyone. Even if it were God, or the Sant, they will not understand. They will think of themselves as being the most intelligent. There are many like this, and Jiva Khachar was one of them. Dada Khachar said to Maharaj, 'Put all of this headache aside, and build the mandir in my darbar; there is a lot of land at the front and you can use that. I will put it in writing.' He gave Maharaj the land in writing, and then Maharaj built the Shri Gopinathji mandir there.

When Shastriji Maharaj built mandirs, there were many over-smart people who questioned why Shastriji Maharaj built another mandir in Gadhada? After all, Maharaj had already built a mandir there. There is such a short distance between the mandirs, so why did Shastriji Maharaj build that mandir? Also there was already a mandir in Sarangpur, so why did he build another one there? He must have done it to compete! This is what people were trying to say. But it was actually Bhagwan Swaminarayan's resolve to build a mandir in both of these places. The mandir that Shastriji Maharaj built in Bochasan, was actually the completion of a promise given to Kashidas Mota by Bhagwan Swaminarayan. Kashidas Mota was a disciple of Bhagwan Swaminarayan.

The *murti* of Shri Harikrishna Maharaj and all of the *murtis* for Vadtal mandir had been prepared in Vadodara, and Maharaj was bringing those *murtis* to Vadtal in a bullock-cart, and on the way, stopped at Kashidas Mota's home in Bochasan for the night. Kashidas could not sleep that night and he thought, Maharaj is taking these *murtis* to Vadtal, but I will pray

to Maharaj to keep the *murtis* here and build a mandir here in Bochasan. I will give the land. In the morning, Kashidas Mota prayed to Bhagwan Swaminarayan, 'Maharaj, God is bound to the devotee, and to the prayer of a devotee, so it is my prayer that please do not take these *murtis* away. Construct a mandir here and instate these *murtis* here.' Then Bhagwan Swaminarayan said, 'Look Kashidas Mota, in Vadtal, Joban Vadtala has surrendered his all. He wanted me to stay there, and asked that I stay at his home permanently. At that time, I told him that we are sadhus and so I cannot stay in one place, but I will build a mandir and stay with you permanently through the *murti.* I have promised him this and these *murtis* are to fulfil that promise, so I will have to instate them there. However, I promise you, that I alongside my choicest devotee will take my seat here in Bochasan.' This was the promise given to Kashidas Mota by Bhagwan Swaminarayan, and so Kashidas Mota agreed for those *murtis* to go to Vadtal.

When Shastriji Maharaj left from Vadtal, he stayed one night in Karamsad upon invitation from Sardar Saheb's father, Zaverbhai. In his late years, Zaverbhai did not stay at home, but would spend the night at the mandir, do the morning arti and then go home. When Zaverbhai heard the news of Shastriji Maharaj having left Vadtal, he sent a young boy with a message and told him to bring Shastriji Maharaj back with him, and in this way Shastriji Maharaj spent that first night at the Karamsad mandir. Back then there were only a handful of families who really stood by Shastriji Maharaj; in Anand, there was Keshavlal Pragji, there was Manikaka – Mahant Swami's family, and there was Ambalal Kalyan Yojna's dada, as there was Tribhuvan Mota in Sokhda. When Shastriji Maharaj came to Keshavlal Pragji's home in Anand, there was a sabha. All the devotees gathered there and Shastriji Maharaj said, 'those from Vadtal will invite us, will come to call us there and will put pressure on us, but we do not want to go back to Vadtal.' So one devotee said, 'Swami, why don't you just build a mandir, so then no one will ask you to go back.' Shastriji Maharaj replied, 'You are saying build a mandir, but a mandir cannot be built out of thin air, can it? Money is needed, isn't it?' And so a fund was gathered immediately, and at that time a collection of Rs 43,000/- was made. It can be likened to 30 or 40 crores in our time. Then Tribhuvan Mota of Sokhda made an offer. Presently, where Hariprasad Swamiji's mandir stands, was the land that belonged to Tribhuvan Mota (our Madhubahen's Dada). Tribhuvan Mota said, 'I have land; so build the mandir there.' Pragjikaka of Ataladara said, 'I will give my land, please make a mandir there.' And the people of Anand said, 'Where we presently have a mandir, we will give you that land – you can build a mandir there.' Many devotees gave the offer of land to build a mandir. The devotees of Bochasan also prayed to Shastriji Maharaj to build a mandir in Bochasan. Then everyone said to Shastriji Maharaj, 'Now give the *aagna*[4], and we will build a mandir wherever you say.' Shastriji Maharaj thought for a little while and said, 'Now look. We want to build a mandir, such that the pure Upasana of Akshar Purushottam stays here eternally, and so we want to instate the *murtis* of Dham-Dhami and Mukt. Bhagwan Swaminarayan gave a promise to Kashidas Mota of Bochasan, that He would take His seat there with his choicest devotee, and so it is my wish that we build a mandir in Bochasan.' If the mandir is to be built in Bochasan, what shall it be named? With everyone's consent, the name of 'Bochasanvasi Shri Akshar Purushottam

**[4] Any instruction or command given by God or Guru, which is always to one's spiritual benefit.**

Swaminarayan Sanstha,' was decided, and under that name, funds were collected and the mandir was built. In this way, Bhagwan Swaminarayan had given Kashidas Mota a promise, and for that reason, Shastriji Maharaj created a mandir in Bochasan.

Another thing, in the same way that Maharaj had set his horse Manki-Godi loose to demarcate the land required for the Nar-Narayan gadi mandir in Amdavad; the land for the Sarangpur mandir was demarcated by Maharaj in the same way, and the land was gifted by the Darbar of Sarangpur. But for some reason, the construction of the mandir did not happen. Gopalanand Swami consecrated the murti of Kashta-Bhanjan Shri Hanumanji there and for that reason, the village became known as, 'Hanumanji na Sarangpur'[5]. It was a Swaminarayan mandir but it became known as the 'Kashta-bhanjan Hanumanji mandir'. Bhagwan Swaminarayan had wanted to construct a Swaminarayan mandir there; and so after Bochasan, the next mandir Shastriji Maharaj created was in Sarangpur.

The third mandir was constructed in Gondal – at Gunatitanand Swami's *samadhi-sthaan*[6]. Even that has a wonderful story behind it. The fourth mandir was built in Atladara, because Maharaj had begun the work of acquiring land in Gadhada, but the king of Bhavnagar, was being awkward. The land alongside the river was all under his control, but people from the old mandir had put so much rubbish in the king's head, that he refused to give that land to Shastriji Maharaj. To persuade the king, all the darbars and devotees made contact with his wife, the queen. All the devotees felt, now that the queen is listening to us, the king will give us the land for the mandir. When the file finally went into the king's court and it was time for the appeal to be heard, a whole delegation of devotees went to the court of the king of Bhavnagar. The file went to the king to be signed, and the king saw that the papers were to do with the appeal of land related to Sadhu Yagnapurushdasji – Bochasanwasi Akshar Purushottam Sanstha. It is said that when a red seal is put on the file, it means the file is refused and closed. But on this occasion the king went one step further to put a remark, which said, 'we will not give even one inch of land from the state of Bhavnagar, to this Bochasanwasi Akshar Purushottam organisation and Shastri Yagnapurushdas,' and signed the document. Not only did he refuse to give the land in Gadhada, but he refused to give any land whatsoever from within that whole state. All the devotees were shocked! They all felt, 'it is Shastriji Maharaj's resolve to build a mandir here. Shastriji Maharaj has been saying this for years – to build a mandir on the hilltop in Gadhada and now what has happened here?!' At that time Shastriji Maharaj was at a devotee's home in Gadhada. All the devotees returned from the king's court with long faces and said, 'Never mind land in Gadhada, but they will not give us an inch of land anywhere in the whole state of Bhavnagar. So Shastriji Maharaj immediately replied, speaking with such divine force said, 'Yes but when his rule goes, we will get the land!'

(To be continued…) ◆

---

[5] **The history behind this is that the Darbar of Sarangpur was not wealthy, and so many pilgrims going to Gadhada would stop over in Saranpur on the way. For that reason, Gopalanand Swami graced the Darbar of Sarangpur with a 'son' that would earn him money. Gopalanand Swami therefore consecrated the murti of Hanumanji instilling such great power within it. However, even though in the room next door, a Swaminarayan mandir was set up with a picture murti; it became sidelined with thousands of people thronging to the Hanumanji temple. Since Bhagwan Swaminarayan had resolved to build a full-fledged Swaminarayan mandir there, Shastriji Maharaj took it upon himself to make that happen.**

[6] **The name given to the memorial of where the Sant or englightened soul is cremated.**

## મંદિરજી પ્રથમ પાટોત્સવ નિમિત્તે મંદિરનિર્માણ તથા મંદિરમહોત્સવ સ્મૃતિગાન

સંતભગવંત સાહેબજીની કૃપાશિષથી બ્રહ્મજ્યોતિ, મોગરીની તપોભૂમિ પર ગત વર્ષે નૂતન મંદિરનું નિર્માણ થયું. પોષીપૂર્ણિમા-૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના શુભ મંગલકારી દિવસે શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ ને ગુણાતીત સ્વરૂપો મૂર્તિઓ સ્વરૂપે બિરાજ્યાં અને દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા થઈ. સંતભગવંત સાહેબજીનો અષ્ટદશાબ્દી મહોત્સવ પણ ભવ્ય રીતે ઉજવાયો. સૌ સંતો-ભક્તોએ અકલ્પનીય સમર્પણ કર્યાં અને સંપ, સુહૃદભાવ, એકતા જાળવી માહાત્મ્યસભર સેવાઓ કરી ભક્તિ અદા કરી. આ ભવ્ય મહોત્સવ અને મંદિર નિર્માણની દિવ્ય સ્મૃતિઓ સૌના હૈયે ઈદં છે અને અનન્ય સુખ દેનારી બની છે.

મંદિરજીના પ્રથમ પાટોત્સવપર્વ નિમિત્તે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ૨ જાન્યુઆરી ૨૦૨૧થી પ્રત્યેક રાત્રિ-ઑનલાઈન સત્સંગસભામાં દેશ-પરદેશના અનેક સંતો અને અક્ષરમુક્તોએ અદ્‌ભુત અને અનુપમ મહિમાગાન કરી આ સ્મૃતિઓને વાગોળી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતોનાં દિવ્ય કલ્યાણકારી યુગકાર્યોની અનુભૂતિનાં વર્ણન થયાં તથા સાથી અક્ષરમુક્તોની સેવા-ભક્તિ ને સુહૃદભાવસભર સમર્પણની વાતો થઈ. મંદિરનિર્માણ અને મંદિર મહોત્સવમાં થયેલા અનુપમ આધ્યાત્મિક ઉત્થાનની અનુભૂતિ પણ સૌએ વ્યક્ત કરી. જેમાં રાજુભાઈ ગોટી (સુરત), વિજયભાઈ ઠક્કર (યુ.કે.), પૃથાબહેન સોની (આણંદ), ડૉ. જિતુભાઈ પટેલ (યુ.એસ.એ.), વિશાલભાઈ મોદી (કૅનેડા), અમિતાબહેન (ન્યૂઝીલૅન્ડ), કેયૂરભાઈ પટેલ (ઑસ્ટ્રેલિયા), મહેન્દ્રભાઈ રાય (યુ.એસ.એ.), ભાવિશાબહેન ટેલર (યુ.કે.), મિત્તલબહેન સોની (ઑસ્ટ્રેલિયા), પ્રેરણાબહેન પટેલ (યુ.એસ.એ.), ચેતનભાઈ વ્યાસ (અમદાવાદ), છાયાબહેન પટેલ (યુ.એસ.એ.), વીણાબહેન પટેલ (લાંભવેલ), મેઘનાબહેન અધ્વર્યુ (યુ.કે.), કૌશલભાઈ પટેલ (વડોદરા), પુલીનભાઈ પંચાલ (કરમસદ), પારસભાઈ દેસાઈ (મુંબઈ), વસંતભાઈ પટેલ (વલ્લભવિદ્યાનગર), દીપેનભાઈ રુઘાણી (ઑસ્ટ્રેલિયા), સુનિતાબહેન પટેલ (યુ.એસ.એ.), સીમાબહેન પટેલ (વલ્લભવિદ્યાનગર), રક્ષિતાબહેન સુખડિયા (ચેન્નાઈ), મેહુલભાઈ પટેલ (વડોદરા), શેફાલીબહેન પટેલ (વલ્લભવિદ્યાનગર), રમેશભાઈ પાટોડિયા (અમરાપર), સમજુબા (સુરત), અમિષાબહેન માંગુકિયા (ભીંગરાડ), યોગેશભાઈ પઢિયાર (મુંબઈ), ધનંજય પટેલ (મોગરી), ચંદ્રિકાબહેન સુખડિયા (સુરત), પ્રિયંકાબહેન (ઑસ્ટ્રેલિયા), મિહિરભાઈ (યુ.એસ.એ.), રાજાભાઈ (યુ.એસ.એ.), ડૉ. મિતેશભાઈ પંચાલ (મોગરી), ચેતનભાઈ પટેલ (યુ.એસ.એ.) આદિ ભક્તોએ તેમજ સાધુ પૂ. હિંમતદાસ (યુ.કે.), સાધુ પૂ. અરવિંદદાસ (યુ.એસ.એ.), સાધુ પૂ. રમેશદાસ ઝાલાવાડિયા, સાધુ પૂ. ઉત્પલદાસ, સાધુ પૂ. રાજુદાસ, સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. સુરેશદાસ, સાધુ પૂ. જયેશદાસ (યુ.એસ.એ.), સાધુ પૂ. રવિદાસ આદિ સંતોએ મંદિરનિર્માણ અર્થે થયેલા સેવાયજ્ઞો અને સ્વયંસેવકોની સેવાભક્તિના અનુભવોનાં વર્ણન કર્યાં અને કેટલાક સંતોએ ફોટોગ્રાફ્સ ને વિડિયોનાં સંયોજન સાથે યુટ્યૂબના માધ્યમનો પણ સુંદર ઉપયોગ કર્યો. સાધુ પૂ. મૂકેશદાસજી દ્વારા મંદિરનિર્માણ અને મહોત્સવ સ્મૃતિ વિડિયો દર્શન પણ કરાવવામાં આવ્યું. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સંતભગવંત સાહેબદાદાએ આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યાં. ◆

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નૂતન મંદિરજી પ્રથમ પાટોત્સવ

૨૮ જાન્યુઆરી ૨૦૨૧, પોષીપૂર્ણિમાના શુભ દિને સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં નૂતન મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પ્રથમ પાટોત્સવ પૂજનવિધિ અત્યંત ભક્તિભાવથી સંપન્ન થઈ. કોરોના મહામારીના આ સમયગાળામાં પણ પાટોત્સવને દિવ્ય આનંદથી ઊજવી સ્થાનિક સંતો અને અક્ષરમુક્તોએ અદ્‌ભુત ભક્તિ અદા કરી. આ પ્રસંગે પૂજારી મંડળે મંદિર અને મૂર્તિઓના અદ્‌ભુત શણગાર કર્યા, જેનાં દર્શન કરી સૌ પરિતૃપ્ત થયા. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શન અનુસાર સાધુ પૂ. રાજુદાસ, સાધુ પૂ. અશોકદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ આદિ સંતોએ ખૂબ ભાવથી શાસ્ત્રોક્ત રીતે પાટોત્સવ પૂજનવિધિ કરાવી.

બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરતા સંતો અને અક્ષરમુક્તોએ યોગી પ્રસાદમાં જ અન્નકૂટની બધી વાનગીઓ તૈયાર કરી. સ્વયંસેવકોએ અન્નકૂટની સજ્જા કરી શ્રી ઠાકોરજીને ભક્તિભાવે સઘળું ધરાવ્યું. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો તથા વ્રતધારી સંતોએ નૂતન મંદિરજીના ઉપરના મજલે તથા નીચેના મજલે-'અક્ષરમહોલ'માં બિરાજમાન મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન તથા આરતી અર્પણ કર્યાં.


સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે સ્થાનિક અક્ષરમુક્તોએ કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરી, દર્શન અને સમાગમનો લાભ લીધો. પોષીપૂનમ-ગુણાતીત દીક્ષાદિન નિમિત્તે રાત્રે ઑનલાઈન સત્સંગસભા યોજાઈ, જેમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા

અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ દેશ-પરદેશમાં સેવાપ્રવૃત્ત સૌ અક્ષરમુક્તોને મન, કર્મ અને વચનથી પ્રગટ પ્રભુસ્વરૂપમાં જોડાઈને આધ્યામિક ઉન્નતિ સાધવાના આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## અનુપમ સત્સંગ બાળમંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ 'ચાલો મંદિર જઈએ'

સંતભગવંત સાહેબજીની કૃપાશિષથી અનુપમ મિશન પરિવારનાં સૌ બાળકો માટે નવયુગનો ઉદય થયો. સદ્‌ગુરુ સંતોના સંકલ્પ ને આશીર્વાદથી આંતરરાષ્ટ્રીય બાળસભાની શરૂઆત થઈ. વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમો યોજી બાળકો દ્વારા વિશિષ્ટ ભક્તિ અર્પણ કરાઈ.

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત નૂતન મંદિરજીના પ્રથમ પાટોત્સવની ઉજવણીના વિવિધ કાર્યક્રમો અંતર્ગત બાળકો દ્વારા પણ "ચાલો મંદિર જઈએ" થીમ ઉપર એક સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૫ જાન્યુઆરી, સોમવારના રોજ ઑનલાઈન માધ્યમથી પ્રસ્તુત કરાયો. મંદિરજીમાં બિરાજિત સર્વે સ્વરૂપોનાં જીવનદર્શન કરાવતો અને મહિમાની વૃદ્ધિ કરતો સુંદર કાર્યક્રમ નૃત્યનાટિકા સ્વરૂપે દેશ-વિદેશનાં ૬૦થી પણ વધુ બાળકોએ ભેગાં મળી રજૂ કર્યો. આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે, ભારતનાં તમામ કેન્દ્રો સહિત અમૅરિકા, લંડન, ઑસ્ટ્રેલિયા, કૅનેડા આદિ દેશોનાં સૌ બાળકોએ પોતપોતાના ઘરે રહી, તેઓની બાળસભાના કાર્યકર અને માતા-પિતાનાં માર્ગદર્શને ટૅકનોલૉજીનો સર્વોત્તમ ઉપયોગ કરીને ભક્તિ અર્પણ કરવાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું. આ નૃત્યનાટિકાની સ્ક્રિપ્ટનું લખાણ બાળપ્રવૃત્તિના કાર્યકરો-યુવા સાધુ પૂ. સરજુદાસ, ઊર્જાબહેન અને સીમાબહેન દ્વારા થયું. અનુપમ મિશનની ટૅકનોલૉજી ટીમના સંતો સાધુ હરમીતદાસ-સાધુ નીરવદાસ અને ટીમે અદ્‌ભુત સેવાઓ બજાવી સમગ્ર વિશ્વના સૌ ભક્તોને આ કાર્યક્રમનો લાભ અપાવ્યો. સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોએ ખૂબ પ્રસન્ન થઈ સૌ બાળકો, કાર્યકર્તાઓની ભક્તિને બિરદાવી ખૂબ આશીર્વાદ પાઠવ્યા અને આવી જ રીતે સતત ભક્તિ કરતા રહેવા બળ પૂર્યાં. સૌ સંતો-ભક્તોનાં હૈયે આવી અદ્‌ભુત પ્રસ્તુતિ નિહાળીને ખૂબ આનંદ થયો. સૌ બાળ અક્ષરમુક્તોની ભક્તિને અનંત વંદના ! ◆



આંતરરાષ્ટ્રીય બાળસભાનાં તારલાઓ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમનું દશ્ય

## ઈન્ટરનેશનલ યુવતી મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ 'હૃદય મંદિર અમારાં'

પુણ્યભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત નૂતન મંદિરજીના પ્રથમ પાટોત્સવની ઉજવણી અંતર્ગત અનુપમ ઈન્ટરનેશનલ યુવતી મંડળની સૌ દીકરીઓ દ્વારા પોતાનાં હૃદય મંદિર રચાઈ રહ્યાં છે તે અનુભૂતિના આનંદે ભક્તિભીનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'હૃદય મંદિર અમારાં' ૨૯ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ઑનલાઈન માધ્યમથી પ્રસ્તુત કરાયો. જેમાં યુ.એસ.એ., કૅનેડા, યુ.કે., ઑસ્ટ્રેલિયા અને ભારતથી ૨૦૦ જેટલી દીકરીઓએ ભાગ લઈ અદ્‌ભુત એકતાનાં દર્શન કરાવ્યાં.

સંતભગવંત સાહેબદાદાના આશીર્વાદથી લોકડાઉન દરમિયાન ઈન્ટરનેશનલ યુવતી મંડળની સભાઓ શરૂ થઈ અને યુવાન દીકરીઓમાં રહેલ વિવિધ પ્રતિભાઓનાં દર્શન થયાં, જેના ફળ સ્વરૂપે યુવતીઓએ સુકાન સંભાળતાં આ કાર્યક્રમ સાકાર થયો. સીમાબહેન, ઊર્જાબહેનનાં માર્ગદર્શન મુજબ કૅનેડાથી નેવીબહેન, યુ.કે.થી આશકાબહેન, ભારતમાં ચેન્નઈથી મુસ્કાનબહેન, વેમાર અને અંકલેશ્વરથી ભક્તિબહેન, પ્રાર્થનાબહેન, કુંજબહેન, મોગરીથી ધ્રુવિકાબહેન, હેમાંગિનીબહેન, અમદાવાદથી જાહનવીબહેન, નેતિબહેન, ધ્રુતિબહેન, જૂલીબહેન અને ભૂમિબહેન આદિએ વિવિધ સેવાઓ સંભાળી ઉમદા કાર્યક્રમ રજૂ કર્યો.

કાર્યક્રમની વિશેષતા એ રહી કે, દરેકને પરફૉર્મન્સ માટે ૩૦-૪૦ સૅકન્ડથી પણ ઓછો સમય મળતો હોવા છતાં સૌને સહભાગી થવાનો ખૂબ આનંદ આવ્યો. યુવાન દીકરીઓએ આધ્યાત્મિકતાની ઊંચાઈ સાથે



ઈન્ટરનેશનલ યુવતી મંડળ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમનું એક દશ્ય

ભક્તિભાવ વહાવ્યો. સંપ-સુહૃદભાવ અને એકતાનાં દર્શન કાર્યક્રમનાં નિર્માણ અને પ્રસ્તુતિ દરમિયાન સહજ જ થયાં. દીકરીઓમાં રહેલી શક્તિઓ નિખરીને બહાર આવી. ટૅકનોલૉજીનો ઉપયોગ, આધ્યાત્મિક સંદેશ સાથેની કોરિયોગ્રાફી અને વિઝ્યુઅલ ઈફૅક્ટસ, જુદા જુદા સૂર-લયમાં ૧૮ દીકરીઓ દ્વારા ભજન મૅલૉડી રજૂ થઈ. સાહેબદાદાના અંતરની વાત અંતરે ધારી સુહૃદભાવના સૂર સૌનાં હૃદયે ગૂંજયા તે માઈમ ઍક્ટ દ્વારા રજૂ થયું. ૧૩ જેટલી દીકરીઓએ એક સરખા ડ્રેસકોડ, એકસરખા ટૅક્નિકલ બૅકગ્રાઉન્ડ સાથે નેરેટરની ભૂમિકા નિભાવી. મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં વિવિધ પાસાંઓને આવરી લઈને ૫ દીકરીઓએ અનુભવદર્શન કરાવ્યાં. વિવિધ સેવાયજ્ઞોની સ્મૃતિ પ્રૅઝન્ટેશન દ્વારા તાદૃશ્ય કરાઈ. આમ, ટૅકનોલૉજીનો ભરપૂર ઉપયોગ કરીને નૃત્ય, નાટક, કવિતા, વક્તવ્ય સાથેનો ભક્તિભીનો કાર્યક્રમ 'હૃદય મંદિર અમારાં' રજૂ થયો.

આ કાર્યક્રમ નિહાળી પ્રસન્ન થઈ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપતાં કહ્યું, 'ભગવાન અને સાહેબદાદાને રાજી કરવાના ભાવથી સૌએ ભેગાં થઈ કાર્યક્રમ કર્યો તો ‘એકતા એ જ એકાંતિકપણું’ તેનાં દર્શન થયાં, આ દર્શન દીકરીઓના હૃદય મંદિરે સાહેબજી બિરાજ્યા છે તેની સહજ અનુભૂતિ છે.' સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસે આશીર્વાદ આપતાં કહ્યું, 'આ કાર્યક્રમના નિર્માણની ગુણવત્તા અધ્યાત્મદૃષ્ટિએ તો અવર્ણનીય છે જ, પરંતુ પરિકલ્પના, સંયોજન અને સર્જનશીલતાની દૃષ્ટિએ ડિજિટલ કાર્યક્રમો માટે એક ઊંચો માપદંડ સ્થાપ્યો છે.' ◆

## ચૈતન્યજનની સોનાબા નિર્વાણ સ્મૃતિદિને હૃદયવંદના

૨૧ જાન્યુઆરીના રોજ ચૈતન્યજનની સોનાબા નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પારમિતા સત્સંગહૉલમાં સૌ સંતો-ભક્તોએ એકત્ર થઈ સવારે મંગળા આરતી બાદ શ્રદ્ધાંજલિ અર્પણ




ચૈતન્યજનની પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિને પૂ. અશ્વિનદાદા દ્વારા મહિમાગાન

કરી. મંદિરમાં ચૈતન્યજનની પ.પૂ. સોનાબાની મૂર્તિનાં પૂજન કરી સંતોએ પુષ્પમાળા અર્પણ કરી ભાવવંદના ધરી અને તેઓની પુનિત સ્મૃતિ કરી મહિમામાં સૌ ગુલતાન બન્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પ.પૂ. સોનાબાના વાત્સલ્યસભર પ્રેમ અને પોતાના ગુરુમાં અકલ્પનીય શ્રદ્ધા તથા અડગ નિષ્ઠાનાં દર્શન કરાવ્યાં. સૌ સંતોએ મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરી પ.પૂ. સોનાબાને હૃદયવંદના ધરી. ◆

## યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિમાં ત્રિદિવસીય કીર્તન આરાધના

૨૩ જાન્યુઆરી એટલે ગુરુદેવ યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિન ! આ પ્રસંગે પ્રતિ વર્ષ સંતો વિશિષ્ટ વાર્ષિક કીર્તન આરાધના દ્વારા યોગીબાપાને ભાવાંજલિ અર્પણ કરી તેઓની પુનિત સ્મૃતિમાં ગરકાવ થાય. આ વર્ષે ૨૨, ૨૩ અને ૨૩ જાન્યુઆરી-એમ ત્રિદિવસીય કીર્તન અર્ઘ્ય દ્વારા અદ્‌ભુત ભક્તિભાવ અર્પણ કરાયો.

અનુપમ સૂરવૃંદના સંતોએ આ વર્ષે વિશિષ્ટ કીર્તનભક્તિ ‘મંદિર ગાથા : સર્જન અનુપમ સાહેબજીનાં' સ્વરૂપે પ્રસ્તુત કરી. ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદથી સંતભગવંત સાહેબજીએ નિર્મિત કરેલાં વિવિધ સ્થાવર અને જંગમ મંદિરોની નિર્માણગાથા પ્રસ્તુત કરાઈ. ૨૨ જાન્યુઆરીના રોજ અમદાવાદ, સુરત અને ઈંગ્લૅન્ડ સ્થિત મંદિરો, ૨૩ જાન્યુઆરીના રોજ વેમાર, મુંબઈ અને અમૅરિકા સ્થિત મંદિરો તેમજ ૨૪ જાન્યુઆરીના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી અને માણાવદર સ્થિત મંદિરોની નિર્માણગાથા તેમજ સંતો-ભક્તોનાં સમર્પણ અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિ-મહોત્સવનાં સંસ્મરણોને ફોટો, વિડિયો તથા વક્તવ્ય સ્વરૂપે પ્રસ્તુત કરાયાં.

સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાનાં માર્ગદર્શને અમદાવાદના યુવાનબંધુ ચેતનભાઈ અને કલ્પેશભાઈ વ્યાસે ખૂબ દાખડો કર્યો. સંતભગવંત સાહેબજીએ સ્વયં નિત્ય સાંજે તેઓના નિવાસસ્થાને યોજાતી બેઠક દરમિયાન તમામ મંદિરોનાં નિર્માણ, ભક્તોનાં સમર્પણ, કેન્દ્રોના વિકાસ આદિનો ઈતિહાસ સ્વમુખે વર્ણવ્યો. આ આશિષ પ્રવચનોને સાંભળી, સંકલન કરી સમગ્ર ઈતિહાસને આલેખી મંદિરગાથા સ્વરૂપે પ્રસ્તુત કર્યો. તેઓની વક્તવ્યશૈલી, મહિમા નીતરતો ભાવ અને હૈયાની ભક્તિ સૌને ખૂબ સ્પર્શી. તેમની સાથે તેમનાં બંને બાળકો-દીકરા બિહાગ અને દીકરી નેતિએ પણ ખૂબ સેવાઓ કરી.

સાધુ પૂ. મૂકેશદાસે દુર્લભ વિડિયો, સાધુ પૂ. વાસુદાસે દુર્લભ તસવીરો સુલભ કરાવી અને સાધુ પૂ. ઉત્પલદાસ અને ટીમ દ્વારા ટૅક્નિકલ સપોર્ટ આપવામાં આવ્યો. સૌની સંપ, સુહૃદભાવ અને એકતાભરી સેવા-ભક્તિને પરિણામે આખો કાર્યક્રમ ખૂબ દીપી ઊઠ્યો. કીર્તન-








યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિ પ્રસંગે ત્રિદિવસીય વિશિષ્ટ કીર્તન આરાધના – 'મંદિર ગાથા : સર્જન અનુપમ સાહેબજીનાં' સ્વરૂપે ભાવાંજલિ અર્પણ

આરાધનામાં સાધુ પૂ. રાજૂદાસ, સાધુ પૂ. અશોકદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ, સાધુ પૂ. તુષારદાસ, સાધુ પૂ. મૂકેશદાસ અને યુવાનોએ કીર્તનોનાં ગાન કર્યાં તથા સુમધુર સંગીત અર્પણ કર્યું. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા સાથે અનુપમ સૂરવૃંદના સૌ સેવકોની સેવા–ભક્તિને બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ખાસ તો વ્યાસબંધુઓની ભક્તિથી રાજી થઈ ખૂબ આશિષ વરસાવી. મંદિરોના અને વિશેષ તો અનુપમ મિશનના ઈતિહાસને પ્રથમ વખત આટલાં વિસ્તૃત અને ડિજિટલ પ્રમાણ સાથે ઉપલબ્ધ કરાવી સૌ સેવકોએ અપ્રતિમ ભક્તિ અદા કરી જેનો આનંદ સૌને ખૂબ થયો. આખોય કાર્યક્રમ યુટ્યૂબના માધ્યમથી પ્રકાશિત કરાયો.

૨૩ જાન્યુઆરીના રોજ સવારે શણગાર આરતી બાદ નૂતન મંદિરે ગુરુદેવ યોગીજી મહારાજની સુવર્ણમંડિત મૂર્તિ સમક્ષ સૌ સંતોએ પધારી ધૂન અને મંત્ર–પુષ્પાંજલિ સ્વરૂપે ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યો. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ પ્રાપ્ત થયા.

૮ ફેબ્રુઆરી–પોષ વદ એકાદશી એ ગુરુદેવ યોગીજી મહારાજની નિર્વાણતિથિ. તે નિમિત્તે ઑનલાઈન સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સાધુ પૂ. રણછોડદાસ તથા સાધુ પૂ. પીટરદાસે માહાત્મ્યદર્શન કરાવ્યું અને ગુરુદેવ યોગીજી મહારાજના ગુણોનાં ગાન કરી અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને મોટા પુરુષ પૃથ્વી પરથી અદૃશ્ય થતા નથી, તે ભાવનાને પોતાની અલૌકિક શૈલીમાં પ્રસ્તુત કરી સૌને કૃતાર્થ કર્યા. ◆

## ભારતના ૭૨મા પ્રજાસત્તાકદિનની ઉજવણી

*** મોગરી :** સંતભગવંત સાહેબદાદાની પ્રેરણા અને આશિષ સાથે કાર્યરત મોગરી સ્થિત અનુપમ મિશન સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓ 'આનંદ બાલવાડી', 'મિત્ર પુનર્વસન કેન્દ્ર', 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય', 'ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર', 'અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ' તેમજ 'સહજાનંદ કલાસાધના તીર્થ' દ્વારા યોગી વિદ્યાપીઠ ખાતે ભારતનો ૭૨મો ગણતંત્રદિન કોવિડ–19 નિર્દેશોના પાલન સાથે ઉજવાયો.









'મંદિરગાથા : સર્જન અનુપમ સાહેબજીનાં' ભક્તિભાવે પ્રસ્તુત કરનાર અનુપ સૂરવૃંદના સંતો–ભક્તો–યુવકોને સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોનાં આશીર્દાન



યોગી વિદ્યાપીઠ, મોગરીમાં ભારતના ૭૨મા ગણતંત્ર દિનની ઉજવણી

સંતભગવંત સાહેબદાદાના દિવ્ય આશીર્વાદ સાથે અનુપમ મિશનના મંત્રી સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્‌ગુરુ સંત પૂ. ડૉ. રતિકાકા, 'મિત્ર પુનર્વસન કેન્દ્ર'નાં સ્થાપક-માર્ગદર્શક સુશ્રી સુવર્ણાબહેન કદમ, સંતો, તેમજ મર્યાદિત શિક્ષકોની ઉપસ્થિતિમાં યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટરશ્રી ડૉ. એન. સી. પટેલ (પૂર્વ ઉપકુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી-આણંદ) દ્વારા તિરંગાને આકાશમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશભક્તિ અદા કરી.

પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં ડૉ. એન. સી. પટેલસાહેબે બંધારણ ઘડતરની પ્રક્રિયા સંબંધિત બાબતો અને તેના ઇતિહાસ અંગે વિશદ્ છણાવટ કરી યોગી વિદ્યાપીઠને છે ત્યાંથી આગળના લેવલે લઈ જવાની કલ્પના સાકાર કરવા સૌ શિક્ષકોને હાકલ કરી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ તેમજ યોગી વિદ્યાપીઠના કુલગુરુ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ આ પ્રસંગે સૌને પ્રેરણાદાયી આશીર્વાદ આપ્યા.



શારદા મંદિર, નડિયાદમાં ભારતના ૭૨મા ગણતંત્ર દિનની ઉજવણી

'સહજાનંદ કલાસાધના તીર્થ'ના સૂરવૃંદ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી રચિત 'મને સદા ગૌરવ છે' દેશભક્તિ ગીતગાન પ્રસ્તુત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષિકા સુશ્રી સંગીતાબહેને તેમજ આભારદર્શન આચાર્યા સુશ્રી પન્નાબહેને કર્યું. ◆

*** શારદા મંદિર, નડીઆદ :** અનુપમ મિશન સંલગ્ન, નડીઆદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત શારદા મંદિર : અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલમાં ભારતના ૭૨મા પ્રજાસત્તાકદિનની ઉજવણી મુખ્ય મહેમાન સુશ્રી ભારતીબહેન કડિયા (કુલસેવિકા, શારદા મંદિર)ની ઉપસ્થિતિમાં થઈ. ધોરણ ૩ની શાહ રુદ્રાક્ષી પિંટુભાઈએ ભારત માતાનું પૂજન કરી કાર્યક્રમની શરૂઆત કરી. 'વંદેમાતરમ્'ના ગાન બાદ સુશ્રી ભારતીબહેનના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સુશ્રી ભારતીબહેને પોતાના વક્તવ્યમાં શાળાની કુલસેવિકાને પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કરવાની તક આપી તે બદલ શાળા પરિવારનો આભાર પ્રગટ કર્યો. શાળાના સંગીતશિક્ષકોએ દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત કરી. શાળાના માતૃભાષા શિક્ષક શ્રી દિલીપભાઈ સોલંકીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. શ્રી જતીનભાઈ પટેલ તથા સુશ્રી સ્મૃતિ દવેએ સુંદર દેશભક્તિ ગીત રજૂ કર્યું. શાળાના દેવભાષા શિક્ષક શ્રી રણજીતસિંહ ચૌહાણે પ્રજાસત્તાક ભારતની અસ્મિતા વિષે વાત કરી. પ્રાથમિક વિભાગનાં આચાર્યા પૂ. સરોજબહેને મહેમાનોને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી સાધુ પૂ. સુનીલદાસે સૌને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રગીતના ગાન બાદ કાર્યક્રમ સંપન્ન થયો. સમગ્ર કાર્યક્રમ સરકારશ્રીની ગાઈડ લાઈનના પાલન દ્વારા થયો. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રભાષા શિક્ષક શ્રી ડૉ. અશોકભાઈ સોલંકી અને દેવભાષા શિક્ષક શ્રી પ્રવીણભાઈ ચૌહાણે કર્યું. ◆



શિણાયના , કચ્છના નીલકંઠવર્ણી બાલવાડી તથા વિદ્યાલયમાં પ્રજાસત્તાકદિનની ઉજવણી


*** નીલકંઠવર્ણી બાલવાડી તથા વિદ્યાલય, શિણાય-કચ્છ :** અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત નીલકંઠવર્ણી વિદ્યાલયના પ્રાંગણમાં ૨૬ જાન્યુઆરી, મંગળવારના રોજ ભારતનો ૭૨મો ગણતંત્ર દિવસ ઊજવવામાં આવ્યો. હાલ શાળામાં બાળકો ન આવતાં હોવાથી સમગ્ર ઉત્સવનું આયોજન શાળાના શિક્ષકો અને સેવિકાઓ દ્વારા કરવામાં આવ્યું. શિક્ષિકા સુશ્રી લત્તાબહેન શ્રીમાળી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. સરકારશ્રીના નિર્દેશોનું પાલન કરી શાળાના શિક્ષણગણ તથા આચાર્યા સુશ્રી અમીબહેન પાટડિયા સહિત સૌએ પ્રાંગણમાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમ ઊજવ્યો. 'વંદે માતરમ્' ગીત દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આચાર્યા સુશ્રી અમીબહેન દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું ત્યારે સૌ દ્વારા રાષ્ટ્રગીત 'જન ગણ મન અધિનાયક...'નું ગાન કરવામાં આવ્યું. ત્યારબાદ 'વિજય વિશ્વ તિરંગા પ્યારા...' ગીતનું ગાન પણ કરવામાં આવ્યું. સુશ્રી અમીબહેન દ્વારા પ્રસંગને અનુરૂપ ટૂંકું પરંતુ, સૌને પ્રિય લાગે તેવું 'ભાવિ ભારતના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા' વિષય પર માર્ગદર્શન અપાયું. ◆

*** ધારી :** તીર્થભૂમિ ધારી ખાતે ૭૨મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી વી.પી.જી. હાઈસ્કૂલના મેદાનમાં કરવામાં આવી. મામલતદારશ્રી ઝાલાસાહેબના હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. આ પ્રસંગે અનુપમ મિશનના ટ્રસ્ટીશ્રી સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદા, ડૉ. જસાણીસાહેબ, પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સી.પી.આઈ.શ્રી જેઠવા, પી.એસ.આઈ. શ્રી વાઘેલા, સરપંચશ્રી જિતુભાઈ જોષી, યાર્ડ ચૅરમૅનશ્રી મનસુખભાઈ ભુવા, સરહદની રક્ષા કરતા સૈનિક ભાઈઓ, પૉલીસ સ્ટાફનાં ભાઈઓ-બહેનો, હૉમગાર્ડ ભાઈઓ, પત્રકાર ભાઈઓ, મિત્રો, તેમજ યોગીજી મહારાજ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ ડૉ. રાજુભાઈ દવે, વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલના, ભીમાણી પ્રાથમિક શાળાના કર્મચારીઓ આદિ હાજર રહ્યા. વી.પી.જી. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓની બાસ્કેટબૉલ ટીમે ચોથી રાષ્ટ્રીય સ્પર્ધામાં સિલ્વર મૅડલ મેળવ્યા તે સૌને સન્માનિત કરાયાં. કોરોના વાયરસની મહામારીના સમયમાં સેવા આપનાર વૉરિયર્સનું સન્માન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ કોરોના નિર્દેશિકા અનુસાર પૂર્ણ કાળજી સાથે ઊજવવામાં આવ્યો. ◆

*** અમદાવાદ, ઉપાસના ધામ :** ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ મર્યાદિત યુવક-યુવતીઓ તથા યુવા ગૃહસ્થ ભક્તોની ઉપસ્થિતિમાં દેશભક્તિભાવ સાથે કરવામાં આવી. આ પ્રસંગે સાધુ પૂ. ગૌતમદાસ, નરસીદાદા, ચંદ્રકાંતદાદા, રાજ્ય સરકારશ્રીના અધિકારીશ્રી અક્ષરમુક્ત ઘનશ્યામભાઈ પાઠક-શ્રુતિબહેન પાઠકે મંચ પર સ્થાન ગ્રહણ કર્યાં. ઘનશ્યામભાઈ પાઠકે ધ્વજવંદન કરી દેશભાવના જાગૃત કરતું ચોટદાર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને સાધુ પૂ. ગૌતમદાસે ઉપસ્થિત સૌને આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## ઉપાસના ધામ, અમદાવાદ મંદિરનો ચતુર્થ પાટોત્સવ

ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે બિરાજિત શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના ચતુર્થ પાટોત્સવ નિમિત્તે ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી એમ બે દિવસના ભવ્ય ઉત્સવનું આયોજન થયું. ૩૧ જાન્યુઆરીએ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. સતીશદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ, સાધુ પૂ. હર્ષદદાસ, સાધુ પૂ. પ્રિયકાન્તદાસ, સાધુ પૂ. રવિદાસ, સાધુ પૂ. સૌમ્યદાસ અને સાધુ પૂ. તુષારદાસના સાંનિધ્યે યુવાનોની સભાનું આયોજન થયું.


ધારીમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી


ઉપાસના ધામ અમદાવાદમાં ધ્વજવંદન


ઉપાસના ધામ, અમદાવાદમાં ચતુર્થ પાટોત્સવ પ્રસંગે પૂ. અશ્વિનદાદા દ્વારા આરતી અર્પણ



ઉપાસના ધામ, અમદાવાદમાં ચતુર્થ પાટોત્સવ પ્રસંગે પૂ. અશ્વિનદાદાનાં આશીર્વાદ




બ્રહ્મસ્વરૂપ કાકાજી સાક્ષાત્કારદિને પૂ. શાંતિદાદા દ્વારા માહાત્મ્યગાન


૧ ફેબ્રુઆરીના રોજ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. આ પર્વે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. વાસુદાસ, સાધુ પૂ. રમેશદાસ દયાળુ, સાધુ પૂ. ઘનશ્યામદાસ, સાધુ પૂ. ભરતદાસ, સાધુ પૂ. હરસુખદાસ, સાધુ પૂ. પીટરદાસ, સાધુ પૂ. ચંદુદાસ આદિ સંતો ખાસ પધાર્યા અને પાટોત્સવ પૂજનવિધિમાં સંમિલિત થયા.

આ પ્રસંગે પ્રવીણભાઈ કોટક, અતુલભાઈ લેખડિયા અને કૃણાલભાઈ લેખડિયા, પંકજભાઈ પટેલ અને કેનનભાઈ તથા કુલીનભાઈ, બિલ્ડર કૌશકભાઈ, ઈલાબા આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં. ચૂનીદાદા, સાધુ પૂ. પીટરદાસ તથા સાધુ પૂ. ગૌતમદાસે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. બ્રહ્મજ્યોતિ, મોગરીથી સંતભગવંત સાહેબજીના સૌને ડિજિટલ માધ્યમથી આશીર્વાદ પ્રાપ્ત થયા. પાટોત્સવ પૂજન બાદ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ સૌની ભક્તિને બિરદાવી અને પ્રગટ ગુરુહરિમાં અનન્ય અડગ નિષ્ઠા સુદૃઢ કરવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપી આશીર્વાદ આપ્યા. સમગ્ર કાર્યક્રમ સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ કોરોના માર્ગદર્શિકાના પાલન સાથે ઉજવાયો અને ડિજિટલ માધ્યમ દ્વારા પ્રકાશિત કરાયો, જેનો દેશ-પરદેશના અનેક અક્ષરમુક્તોએ લાભ લીધો. ◆

## બ્રહ્મસ્વરૂપ કાકાજી સાક્ષાત્કારદિને ભાવવંદના

૩ ફેબ્રુઆરી, બ્રહ્મસ્વરૂપ કાકાજી સાક્ષાત્કારદિન નિમિત્તે મંગળા આરતી બાદ સવારે પારમિતા સત્સંગહૉલમાં કાકાજી મહારાજની મૂર્તિને પૂજન-પુષ્પમાળા અર્પણ કરી સંતોએ ભાવવંદના ધરી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ તેઓના માહાત્મ્યની વાતો કરી આશીર્વાદ અર્પણ કર્યા. સૌ સંતોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયવંદના ધરી. કાકાજીના માહાત્મ્યના કીર્તનનું શ્રવણ કર્યું તથા કાકાજીને જે અતિપ્રિય હતો તેવો જપયજ્ઞ સૌએ ભેગા મળીને કર્યો. રાત્રિ ઑનલાઈન સભામાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને પ્રગટ સ્વરૂપ તેમજ તેમના અલ્પ સંબંધીના દાસ થવાની યાચના કરી. સંતભગવંત સાહેબજીએ કાકાજી સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં અને તેમની ગુરુભક્તિ, દાસત્વભક્તિ, ગુણાતીત સ્થિતિનાં અદ્‌ભુત વર્ણન કર્યાં. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂજ્ય વસંતદાદા :** સંતભગવંત સાહેબજીમાં અપ્રતિમ ગુરુભાવ રાખી અમેરિકાના શિકાગોના વતની નિષ્ઠાવાન અનુપમ ભક્તરાજ પૂ. વસંતદાદા ૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પૂ. વસંતદાદાએ દેશ અને પરદેશમાં પોતાના આચરણથી ગુરુભક્તિની અદ્‌ભુત સુવાસ પ્રસરાવી. અનુપમ મિશન પ્રેરિત શિક્ષણલક્ષી સેવાકાર્યોમાં પણ માનદ્ સેવા અર્પી તેઓએ ભક્તિ અદા કરી. તેઓનાં ધર્મપત્ની પૂ. મંજુબાએ જીવનપર્યંત આવાં સત્સંગલક્ષી સેવાકાર્યોમાં સદાય સાથ આપ્યો. પ્રતિવર્ષ નિયમિતપણે ભારત પધારી સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના સમાગમનો લાભ લઈ જીવતર ધન્ય કર્યું. ભક્તિના આ સંસ્કાર પરિવારજનોને પણ આપ્યા. તેઓના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય અને તેઓના વિદાય પ્રસંગે પરિવારના સૌ અક્ષરમુક્તોને ભગવાનનું કર્તાહર્તાપણું માનવાનું બળ મળે તેવી પ્રાર્થના ! ◆



બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજનાં પૂજન :
સદ્‌ગુરુ સંત પ.પૂ. રતિકાકા



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ
અ.મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી-અ.મ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનાં પૂજન :
સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સંતો પ.પૂ. અશ્વિનદાદા અને પ.પૂ. શાંતિદાદા



બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજનાં પૂજન :
સાધુ પૂ. ગૌતમદાસ



બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજનાં પૂજન :
સાધુ પૂ. રમેશદાસ (જ્ઞાનયજ્ઞ)



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ
અ.મૂ.અ.મૂ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી-અ.મ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનાં પૂજન :
સાધુ પૂ. વાસુદાસ, સદ્‌ગુરુ સંત પ.પૂ. હર્ષદદાદા, સાધુ પૂ. હરસુખદાસ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી સાહેબજી મહારાજનાં પૂજન :
સાધુ પૂ. ઘનશ્યામદાસ (બિરલા)



બ્ર.સ્વ. શ્રી કૃષ્ણજી અદા, બ્ર.સ્વ. જાગા સ્વામી
બ્ર.સ્વ. શ્રી કાકાજી, બ્ર.સ્વ. પપ્પાજીનાં પૂજન :
સાધુ પૂ. પીટરદાસ, સાધુ પૂ. ગિરિશદાસ,
સાધુ પૂ. રણછોડદાસ, સાધુ પૂ. રમેશદાસ (દયાળુ)



પોષીપૂર્ણિમા, ૨૮ જાન્યુઆરી ૨૦૨૧ના
શુભ અવસરે સંતભગવંત સાહેબજીની
દિવ્ય સંનિધિમાં નૂતન મંદિરજીમાં
બિરાજમાન શ્રી ઠાકોરજી અને
ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની
પ્રથમ પાટોત્સવ પૂજનવિધિનાં
ભક્તિભાવભર્યાં દિવ્ય અલૌકિક દર્શન.



બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ, બ્ર.સ્વ. યોગીજી મહારાજ
બ્ર.સ્વ. શ્રી હરિપ્રસાદ સ્વામીજી, બ્ર.સ્વ. શ્રી અક્ષરવિહારી સ્વામીજીનાં પૂજન :
સાધુ પૂ. દિવ્યેશદાસ, સાધુ પૂ. પંકજદાસ
સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. સતીશદાસ



સિદ્ધિવિનાયક શ્રી ગણપતિજી દેવનાં પૂજન :
સાધુ પૂ. ભરતદાસ



કષ્ટભંજન શ્રી હનુમાનજી દેવનાં પૂજન :
સાધુ પૂ. ઉમેશદાસ





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત નૂતન મંદિર પ્રથમ પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ... સંતભગવંત સાહેબદાદાનાં આશીર્દાન







બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, શ્રી ધામ-ધામી-મુક્ત, બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય યોગીજી મહારાજને સંતભગવંત સાહેબજી દ્વારા વંદન-પ્રાર્થનાઅર્ઘ્ય અર્પણ











ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતો દ્વારા શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન


**Regd. News Paper / Air Mail / Book Post**

**To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-2-21 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**